
પ્રકાશન દર માસની ૧૧ તારીખે
સળંગ અંક ૨૨૩/૨૨૪
ફેબ્રુઆરી/માર્ચ ૨૦૨૬

Volume no. 19,
Issue No. 223/224
February/March 2026

શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષનો


સમૈયો

માસિક
Shree Swaminarayan (Gujarati Monthaly)
શ્રી સ્વામિનારાયણ



પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001

Rs.5/-



માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું સન્માન






માનનીય ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનું સન્માન



શ્રી જય શાહનું સન્માન



ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશભાઈ પંચાલનું સન્માન

સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

મો : ૮૩૨૦૫ ૫૦૨૨૯,
૯૯૨૪૪ ૯૦૫૬૬

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી

(મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦



શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૯ (મૂળ વર્ષ ૫૯) ● અંક : ૨૨૩/૨૨૪ ● ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૬

અ નુ ક્ર મ ણિ કા

૦૧	અસ્મદીયમ્	૦૪
૦૨	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૦૭
૦૩.	શબ્દ દેહે સમૈયો ની સ્મૃતિ	૧૧
૦૪.	શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી અમૃત વચનો	૪૧
૦૫.	ભક્તિસુધા	૬૭
૦૬.	શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી	૬૯

અસ્મદીયમ્

શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે વાચકો

"સમૈયો", "સમૈયો" કરતા હતા તે સમૈયો આપણે સૌએ સાથે મળી સમગ્ર ધર્મકૂળની નિશ્રામાં દિવ્ય અને ભવ્ય રીતે ઉજવ્યો. બધાને અંતરમાં આનંદ-આનંદ થઈ ગયો. આપણા ઉત્સવો પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી એકથી એક ચઢિયાતા હોય છે.

સમસ્ત શ્રી નરનારાયણદેવ દેશના સંત-હરિભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં શિક્ષાપત્રીનો ૨૦૦ વર્ષનો આ ઉત્સવ આપણે ભવ્ય અને દિવ્ય રીતે ઉજવ્યો. હજારો સંતો અને દેશ-વિદેશના લાખો હરિભક્તોએ લાભ લીધો. બધાના હૃદયમાં અહો-અહોપણું વર્તાયું.

જેણે જેણે આ "સમૈયો"માં સેવા કરી છે, એમની ભક્તિનો ટેસ્ટ થયો. ભક્તિ એટલે ખાલી માળા ફેરવવી એમ નહિ, પણ ભગવાનમાં અત્યંત પ્રેમ. જે બાબત અંતરમાં ગમતી હોય તેના તરફ જ પ્રેમ થાય. જેના તરફ પ્રેમ હોય તેના માટે બધું જ કરી છૂટે, જેણે જેણે "સમૈયો"માં તન, મન અને ધનથી સેવા કરી છે એ ભક્તિનું પ્રમાણ છે. શ્રી નરનારાયણદેવ પ્રત્યે, શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યે સાચો પ્રેમ હોય એ આ શિક્ષાપત્રી-સમૈયોમાં દેખાયો.


સાચી ભક્તિ તો એ જ કહેવાય કે જેમાં ભગવાન તરફ મહિમા અને સમજણ પૂર્વક પ્રેમ હોય, એવા ભક્તો ભગવાનના વચનો કે તેની મર્યાદાને કદાપિ લોપે જ નહિ.

છેલ્લા ત્રણ મોટા મહોત્સવો આપણા ભાવિ આચાર્ય પ.પૂ. શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ભવ્યતાથી ઉજવાયા. જેને લોકો વરસો સુધી યાદ કરશે.

'શ્રી રેવતીબળદેવજી દાદા'નો ભગવાન મળ્યાનો "અવસર" તા. ૫-૩-૨૦૨૬ થી ૧૧-૩-૨૦૨૬ દરમ્યાન પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં અને સમગ્ર ધર્મકુળની નિશ્રામાં ધામધૂમપૂર્વક ઉજવાયો.

પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી આવા ઉત્સવો ઉજવવા આપણને માર્ગદર્શન આપી સેવાની તક સમજાવે છે. આપણે એમની આજ્ઞા શિરોમાન્ય ગણી આવા પ્રસંગોમાં ઓતપ્રોત થઈશું તો આપણું જીવન ધન્ય થઈ જશે, શ્રીજી મહારાજ પ્રત્યે આપણી નિષ્ઠા દૃઢ થશે એમાં શંકાને સ્થાન નથી. બસ "સમૈયો"માં જેમણે જેમણે ધનથી, મનથી અને તનથી સેવા કરી છે તે સર્વેને પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ ખૂબ ખૂબ સુખીયા કરે અને સમગ્ર પરિવારનું રૂડું થાય તેવી શ્રીહરિના ચરણોમાં નમ્ર પ્રાર્થના.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના
જયશ્રી સ્વામિનારાયણ








मुख्य शिक्षापत्री जयंती उत्सव




















માનનીય શ્રી અમિતભાઈ શાહના નિવાસસ્થાને ''સમૈયો''નું નિમંત્રણ આપતા ધર્મકુળ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની तवारीज

(જાન્યુઆરી-૨૦૨૬)

૪ ભુજ-કચ્છ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત શિક્ષાપત્રી ૨૦૦ વર્ષ નિમિત્તે અમદાવાદ શ્રી નરનારાયણદેવ સમક્ષ આમંત્રણ પત્રિકા અર્પણ.

૪ થી ૫ વાલી (રાજ.) શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ મુંબઈ, આયોજીત સત્સંગ સભા પ્રસંગે પધરામણી અને ભૂલેશ્વર શ્રી સ્વામિનારાયણ મંદિર દર્શનાર્થે પધાર્યા.

૧૧ ''સમૈયો''ની સંતો સાથે મિટિંગ પ્રસંગે કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી.

૧૩ ભારતના આપણા માનનીય કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહના નિવાસ સ્થાને પધરામણી, નારણપુરા.

૧૪ ધનુર્માસ ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પધરામણી, સંત મહા દીક્ષા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૧૫-૧૬ શિક્ષાપત્રી ૨૦૦ વર્ષ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ-કચ્છ પધરામણી.

૨૨-૨૩ મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર શિક્ષાપત્રી ૨૦૦ વર્ષ નિમિત્તે આયોજીત કાર્યક્રમ અને શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ મહાભિષેક અને રંગોત્સવ પ્રસંગે પધરામણી.

૨૩-૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ દ્વારા આયોજીત શિક્ષાપત્રી ૨૦૦ વર્ષનો ''સમૈયો'' પોતાના શુભ સાંનિધ્યમાં ભવ્યતાપૂર્વક સંપન્ન થયો. ''પર્વ'' ગ્રાઉન્ડ, જમીયતપુરા, પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો મહાભિષેક, અન્નકૂટ આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૩૦-૩૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ભારાપર (કચ્છ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

(ફેબ્રુઆરી-૨૦૨૬)


૩ થી ૯ શ્રી સ્વામિનારાયણ મંદિર ઓકલેન્ડ (ન્યુઝિલેન્ડ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે અને શ્રી સ્વામિનારાયણ મંદિર ઓકલેન્ડ પાટોત્સવ અને હેમિલ્ટન સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર અરોડા (ઈડર પ્રદેશ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજના સુવર્ણ જયંતી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી.

૨૦ અમદાવાદ મંદિરમાં બિરાજમાન પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૨૦૪ મો પાટોત્સવ મહાભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૨૨ ડાંગરવા (વાંટો) શતાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી તથા ''સમૈયો''માં સેવા કરનાર સ્વયં સેવકો - સમિતિ સભ્યોનું તેમની અદ્ભુત સેવા બદલ પોતાના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યું. ''પર્વ'' ગ્રાઉન્ડ, જમીયતપુરા.







ન્યુ દિલ્હી ખાતે ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભેચ્છા મુલાકાત





पूर्व तैयारी





श्री स्वामिनारायण

પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની (જાન્યુઆરી-૨૦૨૬)

तवारीज

૧૧ શિક્ષાપત્રી ૨૦૦ વર્ષનો ''સમૈયો''ની મિટિંગ પોતાના અધ્યક્ષસ્થાને થઈ. કાલુપુર મંદિર.

૧૨ ન્યુ દિલ્હી માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત પ્રસંગે પધાર્યા.

૧૩ આપણા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના નિવાસસ્થાન નારણપુરા પધરામણી.

૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી શિક્ષાપત્રી ૨૦૦ વર્ષના કાર્યક્રમ, શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ-રંગોત્સવ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૨૩-૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ દ્વારા શિક્ષાપત્રી ૨૦૦ વર્ષનો ''સમૈયો'' પોતાના અધ્યક્ષસ્થાને દબદબાભેર ઉજવાયો. ''પર્વ'' ગ્રાઉન્ડ, જમીયતપુરા, પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો મહાભિષેક, અન્નકૂટ આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

(ફેબ્રુઆરી-૨૦૨૬)

૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર 'પૂનમ' સત્સંગ સભા પ્રસંગે પધરામણી. જેતલપુરધામ ભગવાન પધાર્યા ના ૨૦૦ વર્ષના ''અવસર'' પ્રસંગે આયોજીત વિજયસ્તંભ સ્થાપન અને કંકોત્રી લેખન આદિ કાર્યક્રમો પોતાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયા.


૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના સુવર્ણ જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯ ડાંગરવા (વાંટો) શતાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી.

૨૦ અમદાવાદ મંદિરમાં બિરાજમાન પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૨૦૪ મો પાટોત્સવ મહાભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૨૨ સવારે મોટેરા શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી, ''સમૈયો''માં સેવા કરનાર સ્વયં સેવકો - સમિતિ સભ્યોનું તેમની અદ્ભુત સેવા બદલ પોતાના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યું. ''પર્વ'' ગ્રાઉન્ડ, જમીયતપુરા.

૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયા અને શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ પધરામણી.





मुळी मंदिर उत्सव

શબ્દ દેહે સમૈયો ની સ્મૃતિ

શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી (કોઠારીશ્રી, કાલુપુર)
સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

સર્વાવતારી સર્વોપરી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ સમકાલીન નંદસંતો રચિત ગદ્ય પદ્ય સાહિત્યનો અભ્યાસ કરતા એક સર્વ સામાન્ય સિધ્ધાંત પ્રતિપાદિત થાય છે કે જીવાત્માને જ્યારે પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થાય છે, ઓળખાણ થાય છે તેનો આશરો અને ભજન-ભક્તિ થાય છે, ત્યારે જ જીવાત્માનું આત્યંતિક શ્રેય થાય છે.

પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ ગુનિકા કપિવૃંદ કોટી
વ્રજતણી નાર વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી
(મુક્તાનંદ સ્વામી)

ભગવાન જ્યારે પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપે પ્રગટ ન હોય ત્યારે પણ મનુષ્યોનું આત્યંતિક કલ્યાણ ચાલુ રહે એ માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે ત્રણ ગૂઢ સંકલ્પ





કરી ત્રણ સ્વરૂપે આ પૃથ્વી પર સદાય પ્રગટ રહ્યા છે. (૧) દેવ (શ્રીહરિની મૂર્તિઓ) (૨) ધર્મવંશી આચાર્ય (૩) સચ્છાસ્ત્ર. (સં.જી.પ્ર. ૪, અ.-૨૪)

સર્વ શાસ્ત્રોનો સિધ્ધાંત એટલે સત્સંગિજીવન અને સત્સંગિજીવન સહિત તમામ શાસ્ત્રોનો અર્ક એટલે શિક્ષાપત્રી. શ્રીહરિએ સંવત ૧૮૮૨ માં સમસ્ત માનવ જાત માટે જીવન જીવવાની દીવાદાંડી રૂપે શિક્ષાપત્રી સ્વહસ્તે લખીને આપી તે કલ્યાણકારી પ્રસંગને સં. ૨૦૮૨ માં વસંત પંચમીના પવિત્ર દિવસે ૨૦૦ વર્ષ પૂર્ણ થવાથી શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી અને શ્રીહરિના અપર સ્વરૂપ એવા આપણા ધર્મગુરુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી અને સમસ્ત ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદથી આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને અને તેઓશ્રીની સંપૂર્ણ રાહબરી હેઠળ માનવ જીવનનો કલ્યાણકારી **સમૈયો** તા. ૨૩-૦૧-૨૦૨૬ થી તા. ૨૭-૦૧-૨૦૨૬ પર્યંત "પર્વ" ગ્રાઉન્ડ, પ્રભા હનુમાનજી મંદિર પાસે, જમીયતપુરા, અમદાવાદમાં હજારો સંતો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં જીવનના એક અવિસ્મરણીય સંભારણા રૂપ ભવ્યતા અને દિવ્યતાથી ઉજવાયો.

આપણે સૌએ **સમૈયો** પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે નિહાળ્યો છે. તો પણ 'શબ્દ દેહ'થી ફરી એકવાર માણીએ.

પૂર્વ તૈયારી (શ્રમયજ્ઞ) : શ્રીહરિના સમયે શ્રમયજ્ઞમાં ભાગ લેનાર ભક્તજનો ઉપર શ્રીહરિ એટલા રાજી થતા કે ભક્તજનોના ગારાવાળા શરીરને શ્રીહરિ ભેટતા. એજ પરંપરાથી શ્રીહરિને રાજી કરવાના એક માત્ર ઉદ્દેશથી જ્યાં મેદાન સિવાય કંઈ નહોતુ એવી ૨૦૦ વિઘાની ખુલ્લી જમીનમાં માત્ર ૩૮ જેટલા દિવસોમાં પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ સંતો-હરિભક્તોએ અથાગ પરિશ્રમ કરીને જમીન સાફ કરીને તેના પર કાર્પેટ લગાવીને સજ્જ કરી હતી, બાકી રાખેલી સંપૂર્ણ જમીનમાં આયોજન પૂર્વક ડિઝાઈનથી હરિયાળી અને સુગંધિત પુષ્પોવાળા હજારો છોડો લગાવીને તેની પાણી વગેરેથી માવજત કરીને એક સુંદર આધ્યાત્મિક નગર જેવા સંકુલનું નિર્માણ કરી દીધું. પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. મહારાજશ્રી સતત દરરોજ ગ્રાઉન્ડ પર પધારીને પ્રકલ્પના નકશા વગેરે સ્વહસ્તે ડિઝાઈન કરીને માર્ગદર્શન આપતા. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી તથા પૂ.શ્રીરાજા પણ સમય કાઢીને ગ્રાઉન્ડ પર પધારતા. બહેનો અને બાળકોએ પણ આ શ્રમયજ્ઞમાં ભાગ લીધો હતો. સંપૂર્ણ સંકુલ સુશોભિત ડિઝાઈન, રંગોળીઓ, ધજા પતાકા અને લેમ્પ લગાવેલા ફાનસોથી શોભતું હતું.

મહોત્સવ દરમિયાન સેવા કરવા માટે જુદાં જુદાં પ્રકારની ૩૦ સમિતિ હેઠળ કુલ ૪૫૦૦ સ્વયંસેવકો જોડાયા હતા. જેઓએ નિષ્ઠાપૂર્વક શ્રમયજ્ઞ કરીને **સમૈયો**ને સફળ બનાવ્યો હતો.



ગ્રાઉન્ડ પરના પ્રકલ્પોનું વિહંગાવલોકનઃ સમૈયોનું શબ્દોમાં વર્ણન ન થઈ શકે. તેમ છતા શબ્દ દેહના માધ્યમથી સ્મૃતિઓને તાજી કરીએ.

(૧) મુખ્યદ્વાર : પરિસરનું મુખ્ય દ્વાર આપણા ઐતિહાસિક કાલુપુર મંદિરના મુખ્ય દ્વારની આબેહૂબ પ્રતિકૃતિ સમાન બનાવવામાં આવ્યું હતું. દ્વારની સામે પાણીનો એક મુખ્ય કુંડ અને ફરતા ૪ નાના કુંડથી નયનરમ્ય પાણીનો ફુવારો બનાવવામાં આવ્યો હતો. જેથી મુખ્યદ્વારમાં પ્રવેશ કરતા જ કાલુપુર મંદિરના દરવાજામાંથી પસાર થતા હોઈએ એવી અનુભૂતિ થતી હતી.



(૨) ધૂન મંડપ :

જે સ્વામિનારાયણ નામ લેશે, તેના બધા પાતક...

મહોત્સવ પહેલા ૨૧૨ કલાકની અને ૨૧૨ મિનિટની ધૂન તો બહુ થઈ પણ તેના ઉજવણીરૂપ ૩૬ કલાકની ધૂન (૩ દિવસ સવારના ૭ થી સાંજના ૭ કલાક સુધી) પ્રભા હનુમાનજી મંદિર પાસેના આપણા હરિ મંદિરમાં જ ઠાકોરજીના સાંનિધ્યમાં કરવામાં આવી હતી. અમદાવાદ શહેર અને સંપ્રદાયની ભાષાના નાના પ્રકારના અન્ય ૧૦ દેશોના હરિભક્તોએ શ્રીહરિની મૂર્તિ સંભારીને ધૂન કરી હતી.

જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી ઘણો તે પણ મોક્ષ થાય અંતકાળે **'સ્વામિનારાયણ'** મહામંત્ર સાંભળવા મળે કે ન મળે પરંતુ મહોત્સવમાં આવતા મોટા ભાગના દર્શનાર્થીઓ પ્રથમ હનુમાનજી અને પછી હરિમંદિરમાં દર્શન કરવા આવતા હોવાથી શ્રવણેન્દ્રિય દ્વારા આ પાપનાશક મહામંત્ર દરેકના અંતઃકરણમાં પ્રવેશ કરતો હતો.

(૩) યજ્ઞશાળા : શ્રીહરિએ શિ.પ. શ્લોક નં. ૯૩ માં શ્રી વિષ્ણુસહસ્ત્રનામને હિતકારી કહીને શ્લોક નં. ૧૧૮ માં મનોવાંછિત ફળની પ્રાપ્તિ માટે પોતાના



સામર્થ્ય પ્રમાણે તેના પુરશ્ચરણની આજ્ઞા કરી છે. એજ આજ્ઞાના અનુસંધાનથી યજ્ઞશાળામાં આપણા ઈષ્ટદેવ શ્રીહરિના જેમાં ૧૦૦૦ મંગલકારી નામ છે એવી ૧ દિવસીય સર્વ મંગલ નામાવલિ સાથેના ૧૦૮ કુંડી યજ્ઞનું આયોજન થયું હતું.

ક્યાંય પણ લોખંડનો ઉપયોગ કર્યા વિનાની કેવળ વાંસના કાષ્ટમાં થી સંપૂર્ણપણે વૈદિક રીતે બનાવેલી મુખ્ય વેદિકા પર શ્રી નરનારાયણદેવનું સ્થાપન ધરાવતી એવી સુશોભિત વિશાળ ૧૦૮ કુંડી યજ્ઞ શાળામાં ત્રણ દિવસ સુધી ૩૭૫ યજમાનશ્રીઓએ બેસીને વૈદિક યજ્ઞનો દિવ્ય લાભ લીધો હતો.







(૪) મહાપૂજા કુટિર : શ્રીહરિએ શિ.પ. શ્લોક નં. ૭૭ માં પોતાના આશ્રિતોને પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવાની આજ્ઞા કરી છે.

શિક્ષાપત્રીનો **સમૈયો** હોવાથી શ્રીહરિનું જ સ્વરૂપ એવી શિક્ષાપત્રી સહિત શિક્ષાપત્રી લેખન કરતા શ્રીહરિની મૂર્તિની મહાપૂજાનું આયોજન થયું હતું. શ્રી નરનારાયણદેવના મુખ્ય સ્થાપન સાથેની આ કુટિરમાં ત્રણ દિવસમાં કુલ ૧૨૦૦ યજમાનશ્રીઓએ સ.ગુ. ગોપાળાનંદ સ્વામી રચિત મહાપૂજાનો દિવ્ય લાભ લઈ શ્રીહરિ સહિત ધર્મકુળ, નંદ સંતો, પાર્ષદો, એકાંતિક ભક્તો વગેરેને રાજી કર્યા હતા.

(૫) મંત્ર કુટિર : અંદરની ચારેય બાજુ શ્રી સ્વામિનારાયણ મહામંત્રથી અંકિત અને વિવિધ શુભ ચિન્હોથી અંકિત છત વાળી સુશોભિત મંત્રકુટિરની મુખ્ય વેદિકા પર શ્રીહરિની બે વાંગમય સ્વરૂપોની ફોટો કોપી પધરાવેલી હતી. જેની અસલ કોપીનું ચિત્રાંકન વેદાંતાચાર્ય સ.ગુ. શા. સ્વામી નિર્ગુણદાસજી (અસારવા)એ કરેલુ છે અને જે અસારવા ગુરુકુળ મંદિરમાં દર્શન આપે છે. ૪ X ૮ ફૂટ સાઈઝની આ બન્ને મૂર્તિ મળીને તેમાં ૫૦૦ પરમહંસો પૈકીના નંદસંતો દ્વારા લિખિત શ્રીમદ્ સત્સંગિજીવન પ્રતોમાંથી પાંચ પ્રકરણના ૩૬૦ અધ્યાયોમાંથી કુલ ૧૭૮૬૧ શ્લોક લખેલા છે.

કુટિરના મધ્યભાગમાં પિરામીડની રચનાથી ભક્તજનોએ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લખેલી અંદાજે ૧૫૦૦૦ નોટબુક જેમાં લગભગ ૧૭ કરોડ જેટલા મહામંત્રનો સમાવેશ થાય છે. તેને પધરાવવામાં આવી હતી.

(૬) ગૌ-શાળા : હિન્દુ સંસ્કૃતિમાં ગાયનો અતિ મહિમા છે. યજ્ઞમાં પણ ગાયના ઘી વડેજ આહુતિઓ અપાય છે. અને ઠાકોરજી સમક્ષ પણ ગાયના ઘીનો દીવો જ ઉત્તમ છે.

ગાય અને ગ્રામ્ય સંસ્કૃતિનો વિશેષ મહિમા સમજવા ગૌ-શાળામાં આપણા જ મંદિરની ત્રણ ગીર ગાય અને બે વાછડીનું દર્શન થતું હતું. ગ્રામ્ય સંસ્કૃતિની ઝાંખી કરાવવા એક ગ્રામીણ ઘરની રચના કરી આંગણામાં એક પુરાતન બળદ ગાડું મુકવામાં આવ્યું હતું. ઘરની પાછળ અને બાજુમાં એક એક લીંબડાનું વૃક્ષ ઘરને છાયો અને વાતવરણને પ્રદુષણ રહિત રાખતું હતું.

દર્શનાર્થીઓ ગીર ગાયનું પૂજન કરી, લીલો ચારો ખવડાવી ગૌ-શાળાની પ્રદક્ષિણા ફરતા હતા. દર્શન કરતા ઘડીભર તો એમ જણાય કે ચોખ્ખી હવા અને ગાયના શુધ્ધ પવિત્ર ઘી-દૂધ માટે ગામડામાં જ રહેવું જોઈએ.

(૭) વેદશાળા : શિ.પ. શ્લોક નં. ૯૩ માં આઠ સચ્છાસ્ત્ર પૈકી ચાર વેદનો સૌ પ્રથમ ઉલ્લેખ કર્યો છે. ચાર વેદ સર્વ સચ્છાસ્ત્રોનું મૂળ છે. તેનો મહિમા સમજવા માટે વેદશાળાની સુંદર રચના કરીને મધ્યભાગમાં અતિ મનોહર વેદિકાની રચના કરીને આસન પર વ્યાસ ભગવાન તથા સુંદર બાજોઠ પર શ્રીમદ્ ભાગવત પુરાણ ગ્રંથ પધરાવવામાં આવ્યો હતો. મધ્યથી ચારે દિશામાં ચાર મનોહર કુટિરની રચના





કરી તેમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદની મૂર્તિઓ તથા ગ્રંથ પધરાવવામાં આવ્યા હતા. અને કુટિરની બાજુમાં જે તે વેદનો પરિચય આપતા સુંદર લખાણ વાળા બોર્ડ મુકવામાં આવ્યા હતા.

વેદોનું પૂજન અને ત્રણ દિવસમાં ચારેય વેદનું પારાયણ ગુજરાત અને અન્ય રાજ્યોના વિદ્વાન બ્રાહ્મણો દ્વારા કરવામાં આવ્યું હતું. વ્યાસ ભગવાનની પાછળના ભાગમાં ૧૮ પુરાણ મંદિરની રચના કરી તેમાં વિવિધ પુરાણો પધરાવી પુરાણોનો સામાન્ય પરિચય આપતું બોર્ડ મુકવામાં આવ્યું હતું.

(૮) આચાર્ય સ્થાપન મંદિર

તહા આવ્યા પછી કૃપાનાથ, બેઉ પુત્ર તણા ગ્રહી હાથ;
તેને વેદ વિધી અનુસાર, સોંપ્યા ગાદી તણા અધિકાર.
ઉભા પશ્ચિમાભિમુખ નાથ, પાટ દક્ષિણમાં ડાબે હાથ;
તહાં બેસાર્યા શ્રી રઘુવીર, જાણી ધર્મધુરંધર ધીર.
પાસે ઉત્તરમાં બીજી પાટ, માંડેલી બીજા પુત્રને માટ;
ત્યાં અયોધ્યાપ્રસાદ બેસાર્યા, મહા ધર્મધુરંધર ધાર્યા.

(શ્રીહરિ લીલામૃત-૪, કળશ-૮, વિશ્રામ-૪૬)

આચાર્ય સ્થાપનને પણ ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોય પરંતુ ધર્મવંશી આચાર્યશ્રી અંગે જ્ઞાન કરાવતા શ્લોક નં. ૪૧, ૬૨, ૭૧, ૭૨, ૧૨૮, ૧૩૩ વગેરે શિક્ષાપત્રીમાં જ સમાવિષ્ટ હોવાથી તેનો જુદો ઉત્સવ ન ઉજવતા **સમૈયો** માં જ એક ભાગરૂપે આચાર્ય સ્થાપન સર્કલમાં છત્રી કરી વેદિકા પર ઉપરોક્ત વર્ણન મુજબ શ્રીહરિ, આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી (અમદાવાદ દેશ) તથા આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રી (વડતાલ દેશ)ની મૂર્તિઓ પધરાવવામાં આવી હતી.

..... ગુરુ પરંપરા જાણી જોઈએ, તે કેવી રીતે તો..... અને અમારા ધર્મકુળનું સ્થાપન કર્યું છે તેની રીત જાણવી... - ભગવાન શ્રી સ્વામિનારાયણ (વ.-૧૮)

માટે જેને કલ્યાણનો ખપ હોય તેણે આ પરંપરા જાણવી. ઉંઠા ભણાવી કલ્પિત પરંપરાનો બોધ આપે તેવાથી દૂર રહેવું.

(૯) A.I. ટેકનોલોજી બેઝથી શિક્ષાપત્રી એક્ઝીબીશન : A.I. અર્થાત્ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તા, બેઝ એટલે આધાર અને એક્ઝીબીશન એટલે પ્રદર્શન. સમગ્ર પ્રદર્શનમાં A.I. ઉપરાંત AR અને 3D ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ પ્રદર્શન લાખો લોકોએ





કોડ ઓફ લાઈટ














श्री स्वामिनारायण




નિહાળ્યુ હતું. દર્શનાર્થીઓની ખૂબ લાંબી લાઈન થતી હતી જેથી છેલ્લા દિવસે પણ મોડી રાત્રી સુધી ખુલ્લું રાખવામાં આવ્યું હતું. **પ.પૂ. લાલજી મહારાજશ્રીની આગવી સૂઝબુઝથી આ પ્રદર્શનમાં મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના તમામ શાસ્ત્રોના સારનો સમાવેશ થઈ જવા પામ્યો હતો.** પ્રદર્શનના ડોમ પર **Code of light A Digital perience** એવું અંગ્રેજી ભાષામાં બોર્ડ હતું. જેનો ગુજરાતી ભાષામાં અર્થ ડિજિટલ દુનિયામાં પ્રકાશ, રંગ અને ડેટાના સંયોજનથી બનતો આકર્ષક અને સ્પષ્ટ યુઝર અનુભવ એવો થાય છે. અને જે ડિજિટલ ટેકનોલોજી દ્વારા જીવનમાં સકારાત્મકતા, જ્ઞાન અને ઉચ્ચ ઉર્જા લાવવા સાથે સંબંધિત છે.

સમગ્ર પ્રદર્શનનું માળખું જર્મન હેન્ગર ડોમ એટલે કે એલ્યુમિનિયમ એલોય ધાતુમાંથી બનેલું એક અત્યંત વિશાળ મજબૂત અસ્થાયી માળખુ હતું.

વર્તમાનકાળે યુવાનોમાં સાહિત્યરૂચિ ઘટી છે ત્યારે 'સમય આપણી સાથે ચાલતો નથી પરંતુ આપણે સમય સાથે ચાલવું પડે છે' એ ન્યાયે ટેકનોલોજીના માધ્યમથી રીયલ ટચ સાથે સમૈયોનો હેતુ આ **Exhibition** માં સિધ્ધ થવા પામ્યો હતો. જેના માટે ચાર ઓડિટોરીયમ, બે હોલ અને બે ગેલેરીની રચના કરવામાં આવી હતી.

છેલ્લા વિશાળ શિક્ષાપત્રી ડોકયુમેન્ટરી (દસ્તાવેજી ફિલ્મ) ઓડિટોરીયમમાં 'હમારી શિક્ષાપત્રી' એ ટાઈટલથી એક પરિવારમાં શિક્ષાપત્રીના કારણે થયેલું પરિવર્તન એટલું અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યું હતું કે **તે વિડિયો ફિલ્મ નિહાળીને અનેક લોકોને પોતાના ઘરમાં જે સ્ક્રીન પર દર્શાવવામાં આવી હતી એજ પાકા પૂંઠાવાળી "સમૈયો" લખેલી શિક્ષાપત્રી ભાષ્ય અર્થ દીપિકા ટીકા વસાવવાની ઉત્કંઠા જાગી હતી જેની ડિમાન્ડ સાહિત્ય કેન્દ્રના કાઉન્ટર પર રહી હતી.** આ પ્રદર્શન લગભગ ૧૫ લાખ જેટલા લોકોએ નિહાળ્યું હતું.

(૧૦) બાલનગરી : બાળકોને રમત ગમતની સાથે ભગવાનની ઓળખાણ તથા ધર્મનું જ્ઞાન થાય તે હેતુથી બાળનગરીમાં શ્રીહરિનું વનવિચરણ, ગુફા, હિમાલય, તપ કરતા શ્રી નીલકંઠ વર્ણી, પાણીની ધારા, નરનારાયણદેવ ધાર્મિક







ક્વિઝ - જ્ઞાન તપાસવા માટે ચાર મોટા ટચ સ્ક્રીનના માધ્યમથી ડિજિટલ પ્રશ્નોત્તરી વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

(૧૧) સ્વાસ્થ્ય સેવા પ્રકલ્પ : શિ.પ. શ્લોક નં. ૧૩૯ માં રોગાતુર મનુષ્યોની સેવા કરવી, તે આજ્ઞાને લક્ષમાં રાખી આ વિભાગમાં ૯ નિષ્ણાંત તબીબો દ્વારા કુલ ૧૨૮૩ દર્દીઓને તપાસી ઔષધ સહિત નિઃશુલ્ક સારવાર આપવામાં હતી.


(૧૨) સ્મૃતિ કેન્દ્ર : આ કેન્દ્ર પરથી **સમૈયો**ની સ્મૃતિરૂપ **સમૈયો** લખેલી અનેકવિધ જીવન જરૂરી વસ્તુઓનું વેચાણ કરવામાં આવ્યું હતું.

(૧૩) સ્વદેશી પ્રોડક્ટ કેન્દ્ર : આ વિભાગમાં સ્વદેશી બનાવટની ઉત્તમ વસ્તુઓના વેચાણને યોગ્ય પ્લેટફોર્મ અને ઉત્તેજન મળે તે હેતુથી ૧૪ સ્ટોલ ફાળવવામાં આવ્યા હતા. જેમાં આયુર્વેદિક હેલ્થ પ્રોડકટસ, ખાદ્ય પદાર્થો, જીવન જરૂરી વસ્તુઓ તેમજ મોટા સાધનમાં ઈલેકટ્રીક મોટર સાયકલ પણ પ્રાપ્ય હતું.

એક કાઉન્ટર ગો ધાર્મિકનું હતું. જે માનવ સેવા કરે છે અને બીજાને તે કાર્યમાં







જોડાવા આવકારે છે. આપણા માટે ગૌરવની વાત છે કે ગો ધાર્મિકના એમ્બેસેડર (રાજદ્વારી પ્રતિનિધિ) તરીકે આપણા ભાવિ આચાર્ય પ.પૂ. વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ અને સાથ તેમને મળ્યા છે. ગો ધાર્મિક અને આપણું કાલુપુર મંદિર માનવ સેવાના આ કાર્યને વિશ્વભરમાં ફેલાવવા સાથે આવ્યા છે.

(૧૪) શિક્ષાપત્રી દર્શન : પ.પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી આ જગ્યામાં પ્રસાદીની શિક્ષાપત્રી સૌના દર્શન માટે અને ફોટોગ્રાફી (સેલ્ફી પોઈન્ટ) સ્મૃતિ માટે પધરાવવામાં આવી હતી.





ગ્રાઉન્ડની વચ્ચેના ભાગમાં ગ્રીનરી-ફુલ છોડોની વચ્ચે કાલુપુર મંદિરની પ્રતિકૃતિ અને **સમૈયો** લખેલું ચિન્હ મૂકવામાં આવ્યું હતું.


(૧૫) સભા મંડપ : દરેક મહોત્સવનું જો કોઈ મુખ્ય અંગ હોય તો એ સભા મંડપ હોય છે. કારણ કે દરેક વિભાગનું દર્શન કર્યા પછી માણસનું મન સભામંડપમાં બેસીને કથા શ્રવણ કરે ત્યારે શાંતિ અને વિરામ પામતું હોય છે. વળી



કથા વાર્તાએ કરીને જ માણસમાં રૂડા ગુણ આવે છે. એ ન્યાયે ખૂબ વિશાળ કથા મંડપમાં સોફા અને ખુરશીઓ પર બેસીને લાખો શ્રોતાજનોએ નિત્ય સ.ગુ. મહંત શા. સ્વામી અભિષેકપ્રસાદદાસજી (કાંકરીયા) તથા સ.ગુ. મહંત શા. સ્વામી યજ્ઞપ્રકાશદાસજી (કલોલ-જમીયતપુરા)ના મુખેથી સુમધુર સંગીતમય શૈલીમાં સંસ્કૃત શ્લોકો તેમજ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત 'શિક્ષાપત્રી ભાષા'ની ચોપાઈઓ સાથે શિક્ષાપત્રી ભાષ્યની કથાનું શ્રવણ કર્યું. કથા અંતર્ગત રાસોત્સવ પણ થતો હતો.

કાલુપુર મંદિરની હવેલીની પ્રતિકૃતિથી શોભતુ સભામંડપનું પ્રવેશદ્વાર તથા વિશાળ સ્ટેજ હતુ. જેના પર હરિમંદિરનું પ્રસાદીનું સિંહાસન તેમજ પ્રસાદીની શિક્ષાપત્રી પધરાવવામાં આવ્યા હતા. કથા દરમિયાન ૧૦૮ સંહિતા પાઠી પવિત્ર







બ્રાહ્મણોએ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને નંદ સંતો રચિત શિક્ષાપત્રી સંગ્રહના સંહિતા પાઠ કર્યા હતા.

(૧૬) શિક્ષાપત્રી મંદિર અને પંચદેવ મંદિર : મુખ્ય મંદિરમાં શ્રીહરિની ચિત્ર લેખન કરતી પટમૂર્તિ તથા રજત મંડિત (ચાંદીના પતરા પર પ્રિન્ટ કરેલી) શિક્ષાપત્રી તેમજ ફરતા છ મંદિરોમાં ક્રમશઃ **શ્રી ગણપતિજી, શ્રી નરનારાયણદેવ, શિવ-પાર્વતીજી, શ્રી અંબાજી, શ્રી સૂર્યનારાયણદેવ અને શ્રી હનુમાનજી** પધરાવવામાં આવ્યા હતા. દરેક સ્વરૂપોની ચલ સ્વરૂપ તરીકેની પ્રતિષ્ઠા હોવાથી પૂજારી બ્રાહ્મણો દ્વારા પૂજા આરતી અને થાળ થતા હતા. સર્કલમાં શિ.પ. શ્લોક નં. ૮૪ (પંચદેવ અંગેનું) બોર્ડ સુંદર રીતે લખીને મુક્યુ હતું. આ મંદિરોનું સર્કલ **સમૈયો**ના હાર્દ સમાન રહ્યું હતું.

(૧૭) સોલર ફાર્મ : સમગ્ર સભા મંડપમાં વીજળીની જરૂરિયાત આ સોલર ફાર્મ દ્વારા પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર સંકુલનો કચરો ગ્રાઉન્ડની બહાર લઈ જઈને તેનો વેસ્ટ રીસાઈકલ પદ્ધતિથી નિકાલ થતો હતો. જેથી પર્યાવરણની જાળવણીનો સંદેશ આ **સમૈયો**માંથી પ્રેરિત થતો હતો.

(૧૮) ઓર્ગેનિક ફૂડ કોર્ટ : ઓર્ગેનિક ખાદ્ય પદાર્થોના પ્રોત્સાહન માટે ગ્રીન જ્યુસ, ફ્રુટ જ્યુસ, સ્મૂદી (ફળોનું ઘટ્ટ પીણું), શોટસ, સુપ, શેક, મીલ બાઉલ, ચાટ અને સેન્ડવીચ વગેરે માટે કાઉન્ટર ફાળવવામાં આવ્યા હતા.

(૧૯) સાહિત્ય કેન્દ્ર : ઈષ્ટદેવના ચરિત્રનું શાસ્ત્ર તથા પોતાના સંપ્રદાયની રીતનું શાસ્ત્ર સંપ્રદાયની પુષ્ટિ કરે છે. (ગ.મ. ૫૮) સાહિત્ય કેન્દ્રમાં





શિક્ષાપત્રીની ડિમાન્ડ ખૂબ રહી હતી સૌજન્ય ભેટથી આપણા **'શ્રી સ્વામિનારાયણ માસિક'** ના ૧૫૦ જેટલા સભ્યો નોંધાયા હતા.

(૨૦) ભોજન શાળા : વિશાળ આઠ ભોજનાલયમાં વહેંચાયેલી ભોજન શાળામાં પાંચ દિવસ



रात्री सांस्कृतिक कार्यक्रम









સુધી લાખો લોકોએ ભોજન પ્રસાદ લીધો. સવારે બ્રેક ફાસ્ટ, બપોરે લંચ અને સાંજના ડીનર. નિષ્કુળાનંદ સ્વામી રચિત હરિસ્મૃતિઃ મધ્યે ચિંતામણી-૧ **જમતા જોયા છે....** એ ચોપાઈઓના શ્રવણ સાથે સૌ ભક્તજનો ભોજનપ્રસાદ જમે એવી સુંદર વ્યવસ્થા હોવાથી સહેજે સહેજે શ્રીહરિનું સ્મરણ થતુ હતું. અને એમાં પણ **પાક બહુ પ્રકારના, વિધ વિધના વ્યંજન.....** એ પંક્તિ મૂજબ **સમૈયો** માં પણ થાળીમાં સમાય નહીં એટલા બહુ પ્રકારના મિષ્ટાન્ન અને વ્યંજન જમીને સૌ તૃપ્ત થતા હતા.

(૨૧) સાંસ્કૃતિક પ્રોગ્રામ : આ સ્ટેજ પર તા. ૨૩ થી ૨૫ ત્રણ દિવસ ક્રમશ- લોકપ્રિય કલાકાર આદિત્ય ગઢવી, ગરબા થકી યુવા પેઢીને ઘેલુ લગાડનાર અતુલ પુરોહિત અને ભજનોથી યુવા દીલ જીતનાર હાર્દિક દવેના રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમો લાખો લોકોએ વિશેષઃ યુવા વર્ગએ નિહાળ્યા હતા. સ્ટેજ પર હોલોગ્રાફી ટેકનોલોજીથી શો થતા હતા. હોલોગ્રાફી એટલે લેસર કિરણોની મદદથી 3D પ્રતિબિંબ બનાવવાની તકનીક. નંદ સંતો રચિત કીર્તનોને આજના નવા ટ્રેન્ડની સંગીત શૈલીમાં ગાયા હતા. તા ૨૬-૧ ના **'સહજાનંદ ચરિત્ર'** શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરિત્રોની સંગીત મય આધુનિક રજૂઆતનો લાઈવ મેગા શો રજૂ કરવામાં આવ્યો હતો. ૧૫૦ જેટલા કલાકારોએ મ્યુઝિકલ આલ્બમ લોન્ચ કર્યા હતા.

(૨૨) ઉતારા વિભાગ : યુ.એસ.એ., આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, લંડન (યુ.કે.), ન્યુઝિલેન્ડ વગેરે દેશોમાંથી મોટી સંખ્યામાં NRI હરિભક્તો **સમૈયો** માણવા પધાર્યા હતા. NRI સહિત દેશો દેશના તમામ હરિભક્તો માટે ખૂબ સુંદર સુવિધાયુક્ત ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

અમદાવાદના આપણા દરેક મંદિરોએથી હરિભક્તોને **સમૈયો**માં લાવવા







તથા પરત લઈ જવા માટે ૫૦ AMTS બસોની ફીમાં વ્યવસ્થા કરવામાં આવી હતી.

ટાઈટલ સોંગ : સમૈયોનું શિર્ષક ઉત્સવ ગીત જે દરેકના હૈયામાં ખૂબ વસી ગયું તે લખીને હવે **સમૈયોના** અંગભૂત કાર્યક્રમોની સ્મૃતિ તાજી કરીએ.

એ કાલુપુર ધામનો ને નરનારાયણદેવનો સમૈયો.... યે હે સમૈયો.... એ શિક્ષાપત્રી શાસ્ત્રનોને જ્ઞાન કેરી ધારનો સમૈયો... યે હે સમૈયો.... એ જી સહુના રે હરખનો બસો રે વરસનો (૨) યે હે સમૈયો... સ્વામિનારાયણ નામ કેરો આનંદ આજ આયો રે સમૈયો.... યે હે સમૈયો ..... એ નરનારાયણદેવ આપ્યા દર્શનને કાજ (૨) ભક્તિ ધર્મના કુળ દિપાવ્યા ભક્તોને કાજ, પ્રગટ પરચા પૂરનાર એ છે મોક્ષ દાતાર (૨) જીવનરૂપી સાર ને કલ્યાણના આધારનો સમૈયો... યે હે સમૈયો .....આવી વસંત પંચમી તિથિ રૂડી આજ, આપી પાવન શિક્ષાપત્રી સત્સંગને કાજ (૨) સર્વ શાસ્ત્રનો એ છે સાર, એનો મહિમા અપરમપાર જ્ઞાન કેરી ધારનો ને જીવના ઉધ્ધારનો સમૈયો.... એ હે સમૈયો... શિક્ષાપત્રીનો સાર અનેરો, માનવ જીવન સુખતણી જન દુઃખ હારી અતિ સુખકારી અનંત અપાર ઉપકારી, જે જન રહેશે એના વચને એની ટળશે જગ જંજાળ, અંતે જાશે અક્ષરધામ એ છે સમૈયાનો સાર (૨)

આ ટાઈટલ સોંગ એટલું લોકપ્રિય થયું હતું કે સમગ્ર **સમૈયો** દરમિયાન ખૂબ ગવાયુ હતુ. આદિત્ય ગઢવી વગેરે કલાકારોએ પણ ગાયું હતું.


महापूजा


महिलासंग


आत्मसंयम


श्री स्वामिनारायण महामंत्र
अखंड धून
समैयो
श्री स्वामिनारायण महामंत्र
अखंड धून



પ્રથમ દિવસ : તા. ૨૩-૧ ના સવારે ૫-૩૦ કલાકે મૂળી શ્રી રાધાકૃષ્ણદેવની મંગળા આરતીથી **સમૈયો**નો પ્રારંભ થયો હતો. વસંત પંચમી હોવાથી શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ તેમજ શિક્ષાપત્રી ૨૦૦ વર્ષનો **સમૈયો** હોવાથી મૂળી મંદિરમાં સમૂહ મહાપૂજા, હરિયાગ, ત્રિદિનાત્મક શ્રી શિક્ષાપત્રી ભાષ્યની કથાનું આયોજન થયું હતું. આ પ્રસંગે અમદાવાદ તથા જેતલપુર વગેરે ધામો ધામથી સંતો પધાર્યા હતા.

પંચોપચાર પૂજન, દેવોનો મહાભિષેક, શણગાર આરતી, અન્નકૂટ આરતી, શિક્ષાપત્રીનું પૂજન-અર્ચન-સમૂહ વાંચન અને પ્રાસંગિક સભા સંપન્ન થયા હતા. સમગ્ર ધર્મકુળની ઉપસ્થિતિથી સમગ્ર ઝાલાવાડ હાલાર દેશના ભક્તો ભાવ વિભોર બન્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. મહારાજશ્રીએ સૌને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ વસંતના વધામણા રૂપે રંગોત્સવ કરી હૈયે હૈયું દળાય એટલી ભક્તજનોની ભીડને કેસૂડાના રંગથી તરબોળ કરી હતી. ટાઈટલ સોંગ, મૂળી રાધાકૃષ્ણદેવના કીર્તનો, મહાંત્રની ધૂન વગેરેના સથવારે રંગોત્સવની એવી ધૂમ મચી હતી કે સ્ત્રી ભક્તોએ તો રાસોત્સવ કરીને રંગોત્સવ માણ્યો હતો.

ભારતીય વૈદિક પરંપરા મુજબ બપોરના ૨-૦૦ કલાકથી પ્રભા હનુમાનજી મંદિરથી શરૂ થયેલી પોથીયાત્રા સંતો તથા હજારો હરિભક્તોના સથવારે ખૂબ ધામધૂમથી સાંજના ૪-૦૦ કલાકે **સમૈયો** ના મુખ્ય દ્વાર સુધી પહોંચી હતી. જે દર્શન કરનારના માનસ પટ પર અવિસ્મરણીય બની રહી.

ઉત્સવના ચલ સ્વરૂપ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં સેંકડો સંતો અને હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં વેદ મંત્રોના ધ્વનિ અને સ્વસ્તિ વાચન સાથે ઢોલીઓના ઢોલના પડઘમ અને રંગારંગ કાર્યક્રમથી પ.પૂ. મહારાજશ્રી સહિત સમગ્ર ધર્મકુળ પરિવારની ઉપસ્થિતિમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પૂજન કરી, પૂ. શ્રી રાજાએ રીબ ખોલી મહોત્સવનું મુખ્ય પ્રવેશ દ્વારનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

પાર્ષદોએ ધરેલી લાલ છત્રી અને આચાર્યશ્રીના પ્રતિક સમી લાલ પાદુકાથી શોભાયમાન પ.પૂ. મહારાજશ્રી સઘળી



શોભાયાત્રા સાથે જેમા ૧-૨ ઢોલી નહી પરંતુ પુરા ૧૬ જેટલા ઢોલીઓ ગ્રાઉન્ડના રાજમાર્ગની બન્ને બાજુ કતારબધ્ધ ચાલતા ઢોલ વજાડી પ્રાણથી પ્યારો રે મુને... એ ગીત સંગીત સાથે તાલ મિલાવતા, એવું વિવિધ આકર્ષણ અને શોભા વચ્ચે પ.પૂ. મહારાજશ્રી સૌની સાથે ધીરે ધીરે ચાલતા આચાર્ય સ્થાપન મંદિરમાં પહોંચ્યા હતા. ત્યાં આરતી પૂજન કરી સૌના દર્શન માટે ખૂલ્લું મુક્યું હતું.

એજ રીતે આવી વસંત પંચમી તિથિ રૂડી આજ..... એ ટાઈટલ સોંગની ધૂમ સાથે પૂ. શ્રીરાજાના કરકમળ દ્વારા AI ટેકનોલોજી બેઝ શિક્ષાપત્રી એકઝીબીશન અને બાળનગરીનું ઉદ્‌ઘાટન થયું હતું.

એજ રીતે યજમાનશ્રીઓને સાથે રાખી પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પંચદેવ મંદિરનું અર્ચન પૂજન કરી શિક્ષાપત્રી મંદિરમાં શ્રીમદ્‌ શિક્ષાપત્રીની આરતી ઉતારી હતી.

પછી આતશબાજી અને વેદોક્ત મંત્રો સાથે ખૂબ ઉત્સાહપ્રેરક વાતાવરણમાં પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સાથે રહી પૂજન કરી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રીબ ખોલી સભા મંડપના પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

શિક્ષાપત્રીના ટાઈટલ સોંગની સાથે સભા મંડપમાં સર્વેનું ખૂબ ભાવપૂર્વક અભિવાદન ઝીલતા ઝીલતા સંત મંડળ અને પોથીધારક યજમાનો સાથે મંચ પર પધારી સિંહાસનમાં બિરાજતા ઠાકોરજી તથા ચરણારવિંદનું અર્ચન પૂજન કરી સંગીતજ્ઞ ટીમ દ્વારા ગાન કરાતી આજે અનુપમ દિવસ સખી... એ કીર્તન ની પંક્તિઓ સાથે બન્ને સ્વરૂપો બિરાજમાન થયા હતા. ૧૦૮ પોથીઓનું નિજસ્થાન પર સ્થાપન થયું એટલામાં કાલુપુર મંદિરના મહંત શ્રી પૂ. પી.પી. સ્વામી ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સામા જઈ સન્માનપૂર્વક મંચ પર તેડી લાવ્યા હતા. શ્રીહરિના બન્ને સ્વરૂપોએ ઉભા થઈ તેઓશ્રીનું અભિવાદન કરી પ.પૂ. મહારાજશ્રીએ તેઓને ઠાકોરજીના સિંહાસનનો અને મંચ પરની પ્રસાદીની શિક્ષાપત્રીનો ટૂંક પરિચય કરાવી દર્શન કરાવ્યું હતું.



શ્રીહરિના બન્ને સ્વરૂપો, મુખ્યમંત્રીશ્રી, અગ્રગણ્ય સંતો અને યજમાનશ્રીઓએ સાથે રહી શતશત દીપ જલે... કીર્તનની પંક્તિઓ સાથે મંગલદીપનું પ્રાગટ્ય કર્યું હતું. ત્યાર પછી શ્રીહરિના બન્ને સ્વરૂપોએ મુખ્યમંત્રીશ્રીનું યથોચિત સ્વાગત સન્માન કર્યું હતું. ધર્મકુળના પ્રારંભના આશીર્વચન અને મુખ્યમંત્રીશ્રીના મંગલ ઉદ્‌બોધન બાદ **ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી** નો વીડિયો સંદેશ સભાજનોને સંભળાવવામાં આવ્યો હતો. તેઓશ્રીએ મૂળ સંપ્રદાય અમદાવાદ ગાદી દ્વારા થઈ રહેલી તમામ પ્રકારની સેવાને બિરદાવી હતી. પોથી પૂજન, વક્તાશ્રીનું પૂજન અને આરતી બાદ કથાનો મંગલ પ્રારંભ થયો હતો.

દ્વિતીય દિવસ : શ્રીહરિના બન્ને સ્વરૂપોએ અન્ય તમામ વિભાગોમાં પધારી ઉદ્‌ઘાટન વિધિ કરી હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ મહાપૂજા કુટિર તથા યજ્ઞશાળાના મુખ્ય



સ્થાપન પર ઠાકોરજીનું પૂજન આરતી કરી શુભારંભ કરાવ્યો હતો. શ્રીહરિના ત્રણેય સ્વરૂપો સમગ્ર મહોત્સવ દરમિયાન જ્યાં જેમ ઘટે તેમ દરેક વિભાગમાં પધરામણી કરી યજમાનશ્રીઓ તથા સ્વયંસેવકોનો ઉત્સાહ વધારતા હતા. મુલાકાત સમયે ગ્રાઉન્ડ પર ગોલ્ફ ગાડીમાં બિરાજતા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા ઝડપી ચાલે ચાલતા પ.પૂ. મહારાજશ્રીનું દર્શન અવિસ્મરણીય હતું.

પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી કાલુપુર મંદિર અને આપણા હ્યુસ્ટન (ISSO) મંદિર દ્વારા તૈયાર થયેલ અને ખ્યાતનામ કલાકારોએ ગાયેલા બે કીર્તન આલ્બમ જેમાં પ્રથમ પ્રાણથી પ્યારો રે મુને... અને બીજો મારા વ્હાલાજી શું વાલપ... એ બન્ને ડિઝિટલ આલ્બમ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પૂ. મહંત સ્વામી અને ટ્રસ્ટીશ્રીઓ સાથે રહી લોન્ચીંગ કર્યા હતા.

આ દિવસે બપોરના વિરામ સમયમાં ૧ કલાક હેલ્થ નિષ્ણાંતો તેમજ નામાંકિત તબીબો દ્વારા લાઈફ સ્ટાઈલ હેલ્થ સેમીનાર રાખવામાં આવ્યો હતો. જેથી આ કાર્યક્રમ નિહાળનાર સર્વેને હેલ્થ અંગે વિશેષ જાગૃતિ આવી હતી.

તૃતીય દિવસ : આપણા દેશના સંરક્ષકો, આર્મી, નેવી, એરફોર્સ, પોલીસ વગેરેના પ્રતિનિધિ સ્વરૂપે કમાન્ડરો (સેનાપતિ), કેપ્ટનો (સરદાર), હવાલદારો (સિપાઈ/પોલીસના નાયક) તથા વેટરન્સ (લશ્કરમાંથી નિવૃત માણસ) એમ દરેકનું



અભિવાદન, સ્વાગત-સન્માન શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના હસ્તે તેમજ બહેનોના વિભાગમાં પ.પૂ. ગાદીવાળાશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. દેશ માટે શહીદી વહોરનારના ૧૧ પરિવાર જનોને રૂા. ૧,૧૧,૧૧૧/- ની સહાય આપણા કાલુપુર મંદિર તરફથી કરવામાં આવી હતી. જેમાં પરિવાર દીઠ રૂા. ૫૧,૦૦૦/- નું અનુદાન પ.ભ. શુભમ પી. ગેલાણી (દુબઈ) દ્વારા આપવામાં આવ્યું હતું. અંતમાં સૌએ ઉભા થઈને **એ મેરે વતન કે લોગો....** એ ગીત દ્વારા શહીદવીરોને







શ્રધ્ધાંજલિ આપી હતી.

બપોરના વિરામ સમયે પ.પૂ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ૧ કલાક મહિલા મંચના આયોજનમાં પૂ. શ્રીરાજા અને પૂ. બિન્દુરાજાએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. બાલિકાઓએ હનુમાન ચાલીસાના શબ્દો સાથે યથોચિત આરોહ અવરોહ સહિત સુંદર નૃત્ય રજૂ કર્યું હતું. કાલુપુર મંદિરની યુવતી બહેનોએ આધુનિક યુગમાં શિક્ષાપત્રીના ફાયદા વિશે સુંદર નાટક પ્રસ્તુત કર્યું હતું. સભા મંડપમાં હાજર તમામ બહેનો ભાગ લઈ શકે એ રીતે શિક્ષાપત્રી ગેઈમ રમાડવામાં આવી હતી. બાલિકાઓ અને યુવતીઓ દ્વારા વિવિધ સોંગ સાથે નૃત્ય અને અંતમાં ખાસ ટાઈટલ સોંગ સાથે નૃત્યથી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

બપોર પછીના સેશનમાં વૈષ્ણવાચાર્ય તિલક બાવાજી ગોસ્વામી મધુસુદન લાલજી મહોદયશ્રી પધાર્યા હતા. તેઓશ્રીએ પ.પૂ. મોટા મહારાજશ્રીને ખેસ, હાર પહેરાવીને અભિવાદન કર્યું હતું. તેઓશ્રીનું યથાયોગ્ય સન્માન કરવામાં આવ્યું હતું. **સમૈયો**ના ઉપલક્ષમાં કાલુપુર મંદિરે થયેલ ચિત્ર સ્પર્ધામાં વિજેતા આર્ટીસ્ટોનું સન્માન કરવામાં આવ્યું હતું.

ચતુર્થ દિવસ : આજે ૨૬ મી જાન્યુઆરી, આપણા દેશનો પ્રજાસત્તાક દિન હોવાથી રાષ્ટ્ર ભાવના અને ઋણ અદા કરવા સર્વે સભાજનોએ ઉભા થઈને **જન ગણ મન....** એ રાષ્ટ્રગીત સમૂહમાં ગાન કરીને ભારત માતાની જય બોલાવી હતી. યુવા વૈષ્ણાવાચાર્ય ગોસ્વામી ૧૦૮ શ્રી શરણમકુમાર મહોદયશ્રી પધાર્યા હતા. તેઓશ્રીએ શાલ, ખેસ તથા મૂર્તિ અર્પણ કરીને શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોનું સન્માન કર્યું હતું. આપણા અગ્રગણ્ય સંતોએ તેઓશ્રીનું સન્માન કર્યું હતું.

આજે પૂ. મહારાજશ્રીના શુભ લગ્ન જીવનનો એનિવર્સરિ ડે હોવાથી સભા સંચાલકશ્રીની શુભ ભાવનાને માન આપી સંગીતજ્ઞ ટીમના પ્રસંગને અનુરૂપ ગીત સંગીત સાથે સંપ્રદાયની મર્યાદામાં રહી પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. ગાદીવાળાશ્રીએ અરસ પરસ એકબીજાને હાર પહેરાવ્યો હતો.

સમૈયો માણવા પધારેલા દેશો દેશના **NRI** ભક્તજનોએ શ્રીહરિના ત્રણેય સ્વરૂપોના ચરણોમાં બેસીને ફોટો સેશન કરાવ્યું હતું.

બપોરના વિરામ સમયમાં દોઢ કલાક અમદાવાદ શહેર પૂર્વ-પશ્ચિમ શ્રી નરનારાયણદેવ બાળ મંડળના બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ કર્યો હતો. બાળકોએ જ અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું. સૌ પ્રથમ નૃત્ય સાથે ગણેશવંદના થઈ હતી. સંવાદ દ્વારા શિક્ષાપત્રીનો મહિમા, ઉત્સવોની જરૂરિયાત તેમજ 'મારે મોબાઈલ બનવું






ચિત્ર હરિફાઈનું ઈનામ વિતરણ કરતા પૂ.બિંદુરાજા









છે.' એ શિર્ષકથી સ્પીચ ધારા મોબાઈલનું દુષણ-દુરુપયોગ-એ વાલીઓને પણ વિચારતા કરી મૂકે તેવું હતું. નાટકના માધ્યમથી અંધશ્રધ્ધામાંથી બહાર આવી ભગવાન અને ભગવાને લખેલ શિક્ષાપત્રી ઉપર શ્રધ્ધા રાખવા સૌને પ્રેરિત કર્યા હતા. પટેલ શ્લોક (કડી) નામના બાળકે **ઉસ આકાશકી ગહરાઈઓમે.....** યોગના એ ગીત સંગીત સાથે **વિવિધ યોગાસનોનું અદ્‌ભુત નિદર્શન** કરાવી સૌને મંત્રમુગ્ધ કરી સૌના મનમાં યોગ પ્રત્યે અભિરુચિ ઉત્પન્ન કરી હતી. અન્ય બાળકોએ શિક્ષણ, ધર્મ, **સમૈયો** અને બાળમંડળની ઉપયોગિતા સમજાવીને દરેક બાળકો શ્રી નરનારાયણદેવ બાળ મંડળમાં જોડાય એવી વાલીઓને પ્રેરણા પૂરી પાડી હતી.

બાળકોના નૃત્ય સાથે **સમૈયો**નું ટાઈટલ સોંગ ગાયા પછી શા. સ્વામી સુવ્રતસ્વરૂપદાસજીએ ટુંકસાર સમજાવીને અંતમાં સંતો અને બાળમંડળ સંચાલકો સાથે બાળકોનું ફોટો સેશન કરવામાં આવ્યું હતું.

બપોરે પછી **સચિત્ર શિક્ષાપત્રી** અને **સ્તોત્ર સંહિતા (સંસ્કૃત, ગુજરાતી, English)** એ બે શાસ્ત્રોનું ધર્મકુળના વરદ્‌ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. શિક્ષાપત્રી ભાષ્ય અર્થ દીપિકા ટીકા અને અવધદિગ્વિજય શાસ્ત્રોનું પુનઃ પ્રકાશન થયું હતું.

અમદાવાદ મંદિરના મહંતશ્રી પૂ. પી.પી. સ્વામીએ પોતાના ઉદ્‌બોધનમાં દેવના ધર્માદા ઉપર ખાસ ભારપૂર્વક પ્રકાશ પાડ્યો હતો.

પાંચમો દિવસ : પૂર્ણાહુતિમાં કેન્દ્રિય ગૃહમંત્રી અને સહકારમંત્રી શ્રી અમીતભાઈ શાહ પધાર્યા હતા. શ્રીજી મહારાજે આપણને શિક્ષાપત્રીમાં શીખવાડેલી રીત મુજબ પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. શ્રીરાજા તેમની સામા જઈને સન્માનપૂર્વક સ્ટેજ પર તેડી લાવ્યા હતા. શ્રીહરિના બન્ને સ્વરૂપો તેમને આવકારવા ઉભા થયા ત્યારે શ્રી અમીતભાઈએ શ્રીહરિના બન્ને સ્વરૂપોનો ચરણસ્પર્શ કર્યો હતો. પ.પૂ. મોટા મહારાજશ્રી તેઓશ્રીને બાથમાં લઈને ભેટ્યા હતા. તેઓએ સભાને વંદન કરી શિક્ષાપત્રીનું દર્શન કર્યું હતું. શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ તેમને પુષ્પમાળા પહેરાવી, શાલ ઓઢાડી, સન્માનપત્ર અને શ્રીહરિના ચરણારવિંદની છાપની અણમોલ ભેટ આપી બહુમાન કર્યું હતું. વિશેષમાં તેઓશ્રીના પૌત્ર માટે શ્રી નરનારાયણદેવે ધારણ કરેલી સુવર્ણની કંઠી અર્પણ કરી હતી.

પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પધારેલા રાજદ્વારના મહેમાનોએ શિક્ષાપત્રીનું પૂજન કરી આરતી ઉતારીને **સમૈયો**ની પૂર્ણાહુતિ કરી હતી.

આ પ્રસંગે આપણું કાલુપુર મંદિર **સમૈયો**ને અનુરૂપ રોશની વગેરેથી ભવ્ય રીતે શણગાર્યું હતું. શ્રી નરનારાયણાદિક દેવોને નિત્ય નવા ભારે ભારે વાઘા તથા ફુટ, માવા-કાજુ મીઠાઈ, મૈસુબ-મુખવાસ, સુકા મેવાનો અન્નકૂટ અને અંતમાં છપ્પનભોગ અન્નકૂટ એમ પાંચ

દિવસ સુધી વિધવિધ અન્નકૂટ થયા હતા. **પૂર્ણાહુતિના દિવસે સવારે મંદિરે યજમાનશ્રીઓ દ્વારા પંચોપચાર પૂજન તથા પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે દેવોનો કેસર જળથી મહાભિષેક થયો હતો.**

મહોત્સવના ચાર મુખ્ય યજમાન (૧) પ.ભ. હંસાબેન જયંતિલાલ શાહ અને પ.ભ. સતિષભાઈ શાહ પરિવાર (અમેરિકા) (૨) પ.ભ.અ.નિ. જોઈતાભાઈ ચૌધરી પરિવાર (બાલવાવાળા) (હ્યુસ્ટન - અમેરિકા) (૩) પ.ભ.અ.નિ. કપિલાબેન વિઠ્ઠલભાઈ દલસુખદાસ પટેલ પરિવાર (કરજીસણ) (૪) પ.ભ.અ.નિ. વિઠ્ઠલભાઈ સોમાભાઈ પટેલ પરિવાર (પંચવટી કલોલ) સહિત વિવિધ સેવા પૂજાના ૬૫૦ યજમાનો તથા શિક્ષાપત્રી મહાપૂજાના ૧૨૦૦ જેટલા યજમાનશ્રીઓએ યજમાન પદનો દિવ્ય લાભ લીધો હતો. આ પ્રસંગે ખૂબ મોટી સંખ્યામાં ધાર્મિક, રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, મેક ઈન ઈન્ડિયાના ઔદ્યોગિક સાહસવીરો, દેશની સુરક્ષાના વીર જવાનો, ન્યાય ક્ષેત્રના પદાધિકારો, આરોગ્ય અને શૈક્ષણિક મહાનુભાવો વગેરે વિવિધ મહાનુભાવો પધાર્યા હતા. યજમાનશ્રીઓ, મહાનુભાવો, આમંત્રિત મહેમાનો વગેરે દરેકનું યથોચિત સન્માન, પહેરામણી, ફોટો સેશન વગેરે કરવામાં આવ્યું હતું. જેને જેમ ઘટે તેમ પ્રવચનના માધ્યમથી શુભ ભાવના વ્યક્ત કરવાની તક આપવામાં આવી હતી. વાઘા, અન્નકૂટ, પોથીપૂજા, યજ્ઞ અને મહાપૂજાના યજમાનોને કાયમી સ્મૃતિરૂપે ફોટો ફ્રેમીંગ કરીને આપ્યા હતા.

પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. ગાદીવાળાશ્રી, પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી, પૂ.શ્રીરાજા, પૂ. બિન્દુરાજા, પ.પૂ. મોટા મહારાજશ્રીના બહેનશ્રી **સમૈયો** દરમિયાન સંપૂર્ણ ટાઈમ ઉપસ્થિત રહીને સૌને દિવ્ય સુખ આપ્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીના નાનીમા, મામાશ્રી વગેરે ધર્મકુળના ઘણા મહેમાનો પ્રસંગ માણવા પધાર્યા હતા. **સમૈયો**નું સંપૂર્ણ વિઝન અને માર્ગદર્શન પ.પૂ. લાલજી મહારાજશ્રીએ કર્યું હતું.

અમદાવાદ, મૂળી, ભુજ-કચ્છ આદિ ધામોધામથી સેંકડો બ્રહ્મનિષ્ઠ સંતો અને સાંખ્યયોગી માતાઓ પધાર્યા હતા. જે પૈકી વિદ્વાન અગ્રગણ્ય સંતોએ પોતાના મંગલ ઉદ્બોધન દ્વારા શિક્ષાપત્રીને કેન્દ્રમાં રાખીને જીવન જીવવાનો સાચો રાહ બતાવ્યો હતો. જે તે સમિતિના સંતોએ જે તે વિભાગમાં સેવા અને માર્ગદર્શન આપ્યું હતું. ધર્મકુળના હજુરી પાર્ષદોની સેવા અદ્વિતીય હોય છે. મોટી સંખ્યામાં સંતોની ઉપસ્થિતિથી સ્ટેજ શોભતું હતું.



ગ્રાઉન્ડમાં મુખ્ય દ્વારથી સભા મંડપ સુધી જવા-આવવા માટે વડીલો માટે ૧૫ ગોલ્ફ કારની વ્યવસ્થા કરવામાં આવી હતી. સાંસ્કૃતિક, પ્રદર્શન કે ગોલ્ફ - વગેરે તમામ પ્રકારની સેવા ફ્રી હતી. **સમૈયો**ના ઉપલક્ષમાં અગાઉ જરૂરિયાતવાળા ગરીબ લોકોને બ્લેન્કેટ, રજાઈ, શાલ વગેરેનું પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

ધર્મકુળનું એક જ લક્ષ છે. એક વ્યક્તિ માટે ભલે ગમે તેટલો ખર્ચ થાય પરંતુ કોઈપણ પ્રકારે એ વ્યક્તિ ભગવાન સન્મુખ થવો જોઈએ જેથી કરીને આ લોકમાં સુખી થાય અને અંતે પણ તેના જીવનું શ્રેય થાય.














मंत्र लेखन







23-1-2026



24-1-2026



25-1-2026



26-1-2026



27-1-2026










॥ यज्ञ ॥



अभिषेक















धर्मकुळ परिवार



સમૈયો


શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી આશીર્વચન

પ.પૂ. મોટા મહારાજશ્રી : "સમૈયો" વિજય સ્તંભ સ્થાપન પ્રસંગે તા. ૧૦-૧૨-૨૦૨૫ : આદરણીય સંતો અને વહાલા સત્સંગી બંધુઓ, આપણે હંમેશાથી જોતા આવ્યા છીએ કે નરનારાયણદેવની છત્રછાયા નીચે જે જે ઉત્સવો થાય છે એ એક એકથી ચડિયાતા ઉત્સવો થાય છે.

અગાઉ ઘણા વર્ષો પછી દ્વિશતાબ્દી ઉત્સવ આવેલો, જે લગભગ જોઈએ તો મોટા પાયે ઉત્સવોની શરૂઆત ત્યાંથી થઈ. જો કે મહારાજ વખતે ઘણા ઉત્સવો થયા છે. પણ આ શહેરમાં, સંપ્રદાયમાં જ્યારે દ્વિશતાબ્દીનો ઉત્સવ શરૂ થયો એ સમયે **જ્યારે વિજય ધ્વજ મુકવાનો હતો ત્યારે મેં મહારાજને વિનંતી કરેલી કે ઉત્સવ શોભશે તો તમારી વાહ વાહ થશે, મારું કંઈ નથી આમાં અને મહારાજે સાંગોપાંગ ઉત્સવ આખી દુનિયામાં યાદગાર રીતે પૂરો કર્યો હતો.**

આ ઉત્સવોનો ચાર્જ મહારાજે નરનારાયણદેવને સોંપ્યો છે, તમને ખબર છે ? વચનામૃતમાં કહ્યું છે, ઉત્સવ ક્યારેક તુલસીના પાંદડે થાય અને ક્યારેક લાખો રૂપિયા ખર્ચીને થાય, નરનારાયણદેવની ઈચ્છા હોય તો. આપણી જે ધજા છે, તમને ખબર નહીં હોય, નરનારાયણદેવ ધોળી ધજાવાળા કહેવાય છે. ધજામાં હનુમાનજી હોય છે, બીજા ચટ્ટાપટ્ટા નથી હોતા. ભક્તકવિ દલપતરામે એનો ઉલ્લેખ કરેલો છે. બાપુજી સાથે પણ વાત થાય, **કંઈ પ્રશ્ન આવે ત્યારે બાપુજી કહેતા, ધોળી ધજાવાળા આપણી ચિંતા કરે છે. આપણે ધોળી ધજાવાળા છીએ.** તો આવો શિક્ષાપત્રીનો ઉત્સવ ઉજવવા આપણે જઈ રહ્યા છીએ ત્યારે મહારાજ આપણી સાથે જ છે.

એક પ્રસંગ મને યાદ આવ્યો. મહાભારતનું યુધ્ધ શરૂ થવાનુ હતું ત્યારે દુર્યોધન અને અર્જુન એ બન્નેના ઈષ્ટ શ્રીકૃષ્ણ પરમાત્મા હતા એટલે એ બન્ને શ્રી કૃષ્ણ પરમાત્મા પાસે ગયા. દુર્યોધન શ્રીકૃષ્ણ પરમાત્માના મસ્તક આગળ બેઠા અને અર્જુન ચરણ આગળ બેઠા. બન્નેએ રીકવેસ્ટ (વિનંતી) કરી, તમે અમારા માટે ન્યુટ્રલ (તટસ્થ) છો, અમને માગીએ તે આપો. પછી દુર્યોધને શ્રીકૃષ્ણના સૈન્યની-લશ્કરની માંગણી કરી અને **અર્જુને શ્રીકૃષ્ણ પરમાત્માની સ્વયં માંગણી કરી કે તમે અમારી સાથે રહો. અર્જુનને માંગવુ પડ્યું હતું, પરંતુ રામપ્રતાપભાઈને મહારાજે સામે ચાલીને કહ્યું છે કે હું તમારી સાથે રહીશ. જેની આપણે દરેક ઉત્સવ-દરેક પ્રસંગમાં અનુભૂતિ કરીએ છીએ.**



લાલજી મહારાજશ્રી માટે આ સરસ Opportunity (તક-અવસર) છે ત્યારે નરનારાયણદેવને પ્રાર્થના કે નરનારાયણ દેવ ગાદીની પરંપરા અને શોભા છે એ સંતો-હરિભક્તોને સાથે રાખીને ખૂબ વિજય કરે, લોકપ્રિયતા મેળવે. સત્સંગ અને સંતોને ખૂબ રાજી કરે. ગાદીની ગરિમાં એમના દ્વારા સારામાં સારી જળવાય એવી શ્રીજી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

પ.પૂ. લાલજી મહારાજશ્રી : આપણા સંપ્રદાયમાં ધાર્મિક પ્રવૃત્તિઓ તો દરેક પ્રસંગોમાં થાય જ છે. પ્રસંગ ન હોય તો પણ આપણા સંપ્રદાયમાં ધાર્મિક પ્રવૃત્તિઓ ક્યારેય ઓછી નથી થતી **શિક્ષાપત્રી મહારાજે આપણને લખીને આપી છે તેમાં માત્ર ધાર્મિક નિયમો નહી પણ સાથે સાથે માનવતાના ધર્મો, મહારાજનું આખું જીવન ચરિત્ર જોઈએ તો કઈ રીતે એક સારા હરિભક્ત થવું એની સાથે સાથે એક સારા માણસ બનવાનું શીખવાડ્યું છે ત્યારે આપણી ફરજ બને છે કે એ પરંપરા આપણે જાળવી રાખીએ.** મહારાજે જે તક આપી છે, સમાજમાં કઈ રીતે, **એવી વ્યક્તિઓ કે જેને કદાચ ભગવાનની એટલી કૃપા ન હોય એવા લોકોને જમાડીએ. અન્ય મદદ કરીએ.** તે માટે હજુ એક કાર્ય જે



મહંત સ્વામીએ જાહેરાત કરી, ઠંડીનો સમય છે, બધા જાણો છો. બહાર રોડ પર નીકળીએ તો **જે કામ કરનારા મજૂર વર્ગના લોકો છે, જે ગરીબો છે, જેઓ પોતાના માટે ઘર કે રહેવાની એવી જગ્યા Afford (પુરુ પાડવું) નથી કરી શક્યા એમને અન્ન આપવાનું, ધાબળા, શાલ કે તકિયા વગેરે જે પણ જરૂરિયાતની વસ્તુ હોય તે આપવા માટે અમદાવાદના વિસ્તારો, અમદાવાદ દેશના ગામડાઓ કે જ્યાં મંદિર છે, સત્સંગ છે તે બધી જ જગ્યાએથી પ્રવૃત્તિ થશે. જે સંકલ્પ ગાદીવાળાનો છે. મેં નજરે જોયેલી વસ્તુ છે. દર વર્ષે તેઓ જાતે જઈને ધાબળા હોય, જમવાની વસ્તુ હોય એ બધુ આપતા હોય છે.** આપણે પણ આ પ્રવૃત્તિ માટે જાહેરાત કરવામાં આવશે. એક તારીખ નક્કી કરવામાં આવશે, એ તારીખથી શરૂઆત થશે, પછી સમૈયો પૂર્ણ ન થાય ત્યાં સુધી ચાલુને ચાલુ રહેશે, એમાં સંખ્યાની કોઈ લિમીટ (મર્યાદા) નથી રાખવી. બે પાંચ-લાખ કે જેટલી પણ ભગવાને આપણને ક્ષમતા આપી હોય એટલા લોકોને મદદ કરવાની છે.

ઉત્સવનું લક્ષ ભગવાનને રાજી કરવાનું અને મહારાજે આપણને જે સિધ્ધાંતો આપ્યા છે તે દરેક લોકો સુધી, દરેક હરિભક્તો સુધી પહોંચે એટલું જ છે. ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રી મહારાજે આપણને સ્વહસ્તે લખીને આપી છે. એ શિક્ષાપત્રી જીવપ્રાણીમાત્રનું કલ્યાણ કરનારી છે. મહારાજે આપણને શિક્ષાપત્રીમાં જે નિયમો આપ્યા છે તેને આપણે બધા વળગીને રહીએ અને જીવનમાં ઉતારીએ એ આ ઉત્સવનુ મોટામાં મોટું લક્ષ છે.


જેટલો સમય છે તેમાં મહેનત કરીને વધુને વધુ લોકો જોડાય, વધુને વધુ લોકો કલ્યાણના માર્ગે આગળ વધે તેવો આપણે પ્રયત્ન કરવાનો છે. અંતમાં શ્રીહરિની સ્મૃતિ સહિત આશીર્વાદ પાઠવ્યા હતા.

પ.પૂ. મહારાજશ્રી : આજે મોસમ બદલાઈ ગયું છે. રોજ આવું શીતળ વાતાવરણ નહોતું, પણ ભગવાન આપણા ઉપર હમેશ મહેર કરે છે. **ભગવાનના ચરણોમાં, ભગવાનના સાંનિધ્યમાં શીતળતા છે અને એ શીતળતા હૈયાની છે, શરીરની નથી.**

શિક્ષાપત્રીમાં મહારાજે જે લખ્યું છે તેમાંથી ત્રણ શબ્દ હું કહું છું. ઇષ્ટ ફલદાયિની **મોટા ફળને આપનારી. એ શિક્ષાપત્રીમાં આવે છે.** બાકી તો ઘણા

શ્લોક આવે છે. હું નવ વર્ષનો હતો ત્યારે મોટા બાપજી ભેળો મોરબી ગયો હતો. બાપજી કહે, હવે શિક્ષાપત્રી બોલો સંસ્કૃતમાં. હું ભરાઈ ગયો, નવ વર્ષનો જ હતો એટલે પ્રારંભ શિક્ષાપત્રી થી જ થાય છે. મેં તો કંઠસ્થ નહી પણ શીખેલું છે, ત્યારથી શરૂઆત કરી. હું તો આના કાની કરતો હતો પણ બાપજી કહે, બોલો ને બોલો, બોલોને બોલો. ત્યારથી બોલું છું, કોઈ હાંભળતું નથી. તમે ૧૧ શ્લોક સંસ્કૃતમાં કંઠસ્થ કરીને બોલો તો હું માનું કે મારું થઈ ગયું. પારાયણ સાંભળી છે તમારી પાસેથી સંસ્કૃતમાં પણ હકીકતમાં **આપણે સુખી હોઈએ તો એની પાછળનું કારણ શિક્ષાપત્રી છે. અન્ન ધન વસ્ત્ર ને આબરુ, એની આપણી જવાબદારી શિક્ષાપત્રીએ લીધેલી છે. મોટા ફળને આપનારી આ ભવમાં અને કદાચ દેહ પડી જાય તો પણ સતયુગ, ત્રેતાયુગ, દ્વાપર કે કળિયુગ કોઈપણ યુગ હોય, કોઈ પણ જમાનામાં આટલી જવાબદારી સગો બાપ પણ લેતો નથી. આ તો તમે માનો છો અને હું પણ માનું છું. છેલ્લો શ્વાસ હોય ત્યાં સુધી તમારી સંરક્ષણતા અને સુરક્ષા, તમને કોઈપણ પ્રકારનું દુઃખ નહી આવે એ મહારાજે આપણા માટે માગ્યું છે અને આ બધાનું કેન્દ્ર બિંદુ હોય તો એ શિક્ષાપત્રી છે.**

દ્વિશતાબ્દી ઉત્સવ પછી ૪૫ વર્ષ પછી સમૈયો આવ્યો. ભારત વિકાસશીલ દેશ છે. વિકાશીલ છે જે ! બીજા ગમે તેટલા પ્રતિબંધ નાખે પણ ભારત 85 GDP (Gross Domestic Product - સકલ ઘરેલું ઉત્પાદન) ઉપર ચાલે છે. અમેરિકાવાળા શું કરી લેવાના છે ? ડોલર મોકલ્યા કરો બસ પણ એ સત્કાર્ય માટે હો ! અમારે નથી જોઈતા. મંદિરો થાય, સત્સંગ થાય અને આપણા જ દીકરા-દીકરીઓ માટે સગવડ થાય એના માટે મોકલજો. બાકી બીજે ના મોકલતા. નહી તો સટ્ટાબાજીને દારૂમાં ઉડાવી મારશે. પ્રહલાદભાઈ હસ્યા કરો તમે. તમે જ મોકલ્યા હતા કરજીસણમાં. એટલું કહું છું કે મહારાજના ૪૯ વર્ષમાંથી એનચેન્જ ૪૫ વર્ષ મહારાજે એક એક અનુભવ, આજે ધારો કે કૃતઘ્ન સંઙ્ગસ્ત્યત્કવ્યો લુઙ્ગા ગ્રાહ્યા ન કસ્યચિત્ **શ્લોક લખ્યો.** વનવિચરણ માં સેવકરામ ભટકાણો અને એ કૃતઘ્ની હતો. વચનામૃતની અંદર પહેલા જ આ દાખલો આવે છે. બાકી વચનામૃતમાં બહુ દાખલા નથી, વાતો નથી, ચરિત્ર નથી, બહુ લિમીટેડ ચરિત્ર છે. સેવકરામનું ચરિત્ર પહેલું જ લખ્યું છે. **વચનામૃતમાં લખ્યું, કૃતઘ્નીનો સંગ કયારેય પણ ન કરવો.** હવે તમે વિચાર કરો ૪૫ વર્ષ પછી મહારાજને પાછું યાદ રહ્યું, કોંક ઉઠમણા કરીને જતું રહ્યું હોય તોય આપણે ભૂલી જઈએ. મહારાજે કંઈ બાકી નથી રાખ્યું. **મહારાજે એક એક બાબત અનુભવમાં લાવીને પછી ઉપદેશ આપ્યો છે.** બાકી ઉપદેશ આપવા માટે તો હુંય આપું અને કેટલાય બેઠા છે. આ એક Factual Reality (વાસ્તવિક સચ્ચાઈ) છે. **પોતે અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ છે પણ આપણા માટે જે આપ્યું છે એ અનુભવમાં એને લાવીને મૂક્યું છે.**



એક એક શ્લોક, એક એક આજ્ઞાનું તારણ કાઢીએ તો એની પાછળ એક એક બહુ મોટી સ્ટોરી રહેલી છે. મહારાજ જાણી જોઈને અનુભવમાં લાવ્યા, જાણી જોઈને દુઃખી થયા Leading by Example - **દ્રષ્ટાંત દ્વારા માર્ગદર્શન આપ્યું છે. બાકી તો આમ કરજો ને તેમ કરજો એવું આજકાલ ઘણા લોકો શીખવાડે છે. ઠીક છે.** પણ સ્વામિનારાયણ ભગવાને વનવિચરણ કર્યું, છપૈયામાં ફર્યા, અયોધ્યામાં ફર્યા, **સંપ્રદાયમાં કેટલા વર્ષો કાઢ્યા. પછી ૪૫ વર્ષ પછી આ શિક્ષાપત્રી આપી ને કીધું કે** सच्छास्त्राणां समुद्धृत्य सर्वेषा सारमात्मना **આ બહુ સમજવાની વસ્તુ છે. રોજ વાંચીએ એટલે ભૂલી જવાય છે કારણ કે ઉપલક જાય છે. નિત્ય નિયમ જેવું થાય છે.** આપણે નિત્ય નિયમ કરતા હોઈએ, હવે તો બહુ ઓછું થતું જાય છે પણ ના કરતા હોય એ કરજો. નિત્ય નિયમમાં ઘણા દોડે છે. કોણ પહેલું પુરું કરે એની જ માથાકૂટ હોય છે. મારે તો પાંચ જ મિનિટ લાગે ! ભઈ, પાંચ મિનિટમાં આ નથી પુરુ કરવાનું ! એવું જ કરવું હોય તો ના કરશો. કારણ કે **એક એક મહારાજની જે વાત નંદસંતોએ લખી છે, મહારાજનો સ્વભાવ, ગુણો, મહારાજની ક્રિયા, મહારાજની સંતો અને હરિભક્તો સાથેની આત્મીયતા વગેરે એક લીટીમાં તો આખો ઈતિહાસ, આખો થીસીસ (મહા નિબંધ) લખાય એટલું આપેલું છે.**

હવે વાત એટલી જ છે કે **શિક્ષાપત્રી જગત જાણે છે, લોકભોગ્ય છે પણ વિશેષે કરીને ભગવાનનો મહિમા, નરનારાયણદેવનો મહિમા જેટલો લોકો જાણે એ પ્રયત્ન આપણે કરવાનો છે. આપણને મળ્યું છે એ બીજાને આપી શકીએ તો આપણું જીવન સફળ કહેવાય.** એટલા માટે કે પાંચ ધાબળા પડ્યા હોય, સારા રેશમના ટુ પ્લાય, થ્રી પ્લાય ને ફાઈવ પ્લાય ખબર નહી શું શું આવે છે બધું ! અમુક વિદેશમાં તો ગાદલામાં ખૂંચી જઈએ પછી સવારે નીકળાય નહી એવા પોચા પોચા નીકળ્યા છે, લોકો રોડ ઉપર સૂતા હોય તો એને એક આપીએ. લાલજી મહારાજશ્રીએ વાત કરી ગાદીવાળાની, હું તો સાક્ષી છું. વખાણ કરવા માટે નથી કહેતો પણ વાસ્તવિકતા કહું છું. **તેઓ જે રીતે આપે છે. બહેનોની ટીમ છે, કોઈ સૂતા હોય એને ઓઢાડીને આવતા રહે. બાકી જશ લેવો હોય એ ઉભા રાખીને આપે, એ ફોટા પડાવવા માટે હોય છે. આ નાટક નથી કરવું આપણે, તમને મન થાય, બે માણસ જાવ, જે છાપા ઓઢીને સૂતા હોય, ઉંઘતો હોય એને ધાબળો ઓઢાડી દેવાનો. પછી જુઓ, તમને જે ટાઢક મળશે હૈયામાં એ ભૂલાશે નહી.**

હું તો અનુભવ કરીને કહું છું. આપણા પાસે કબાટમાં એટલા કપડા છે કે એને મૂકવાની કબાટમાં જગ્યા નથી. એટલા જોડા છે કે એને પહેરવા પગ નથી. આખું ગામ પહેરે તો પણ વધી પડે, આ હકીકત છે. ભગવાને આપ્યું છે, દયા છે, સારું છે, ભોગવો. હું એવું નથી કહેતો બધુ આપીને આપણે હડેલા જોડા પહેરીને ફરીએ પણ **જેની પાસે નથી એને થોડુંક આપો. જેની પાસે કપડા ના હોય એને એક જોડી કપડા આપશો તો એની બહુ અસર થશે. અનુભવ પોતાને થાય ત્યારે ખબર પડે.** આપણે બદ્રિનાથ કે ક્યાંક જતા હોઈએ તો પાંચ-પાંચ સાત સાત સ્વેટર લઈને જઈએ છીએ. **હકીકતની અંદર જ્યાં જરૂર છે ત્યાં આપો.**

આ સ્વામિનારાયણ ભગવાને આપેલો સિધ્ધાંત છે.

શિયાળો હતો. મહારાજ સગડી તાપીને બેઠા હતા. બધા સંતો ભક્તો સાથે હતા. મહારાજે ઝીણું વસ્ત્ર પહેર્યું હતું એટલે સુરા ખાચરે મહારાજને ઠંડી લાગતી હશે એમ માનીને ક્યાંકથી નવી શાલ લાવીને મહારાજને ઓઢાડી. હવે એ સમયે કો'ક હરિભક્ત ઝીણું ફાટલું તૂટલું વસ્ત્ર પહેરીને આવ્યો. મહારાજે પેલા હરિભક્તને જોયો એટલે શાલ દુશાલા તેને પધરાવી દીધા. એટલે સુરા ખાચર કહે, આ શું કર્યું તમે ? એ કહે, હું માંડ શોધીને કો'કની પાસેથી તમારા માટે શાલ લાવ્યો હતો અને તમે એને પધરાવી દીધી ! **કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય, દયા આણી રે, અતિ આકળા થાય.... અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે, કરુણાદ્રષ્ટિ રે, દેખી વાન જ વાળે.... સ્વામિનારાયણ ભગવાનનો આ સાહજિક સ્વભાવ છે. આપણે જેના જોડે રહીએ એની અસર થાય. ચાંદલો કરતા હોઈએ તો ભલે પૂરા ગુણ ન આવે પણ થોડા અંશે પાલન થાય એ સાચા અર્થમાં સત્સંગી કહેવાય એવું હું માનું છું. આ બહુ અગત્યની વસ્તુ છે.**

આપણને ભગવાનનું સુખ મળ્યુ છે એ ભગવાનનું સુખ તો આપીએ, સાથે સાથે કોઈ વસ્તુ, કોઈ પણ સાધન જેની બીજાને જરૂરિયાત છે એ પણ આપીએ. આપણી પાસે અતિરેક છે એટલે આપણું કાઢીને આપી દીધું એ નહી. ઘસાઈશું તો આપણામાં માનવતાના લક્ષણો ઉજાગર થશે. End of the day **આપણો ઉત્સવ એ માત્ર આપણા માટે નથી, સત્સંગી માટે જ નથી. તમે બધા ઘરના છો. મહેમાન નથી, યજમાન છો. આજે આવ્યા છે એ બધા ઘરધણી છે. એટલે આપણે કામે લાગી જ પડવાનું. સમાજ માટે કંઈ કરીશું તો આપણો ગુણ તો આવતા આવશે પણ ભગવાનનો ગુણ એક જણને આવશે તો એ આંગળી ચીંધ્યાનું ફળ છે. ભગવાન સામુ આંગળી કરવાની છે. સત્કાર્ય કરીશું તો કો'કને થશે કે કો'ક સ્વામિનારાયણ ભગવાનનો હરિભક્ત હતો. ભગવાન પણ આશીર્વાદ આપશે. કોઈનો નાભિમાંથી આશીર્વાદ મળશે ને જે ટાટક થશે ને એ જે કામ કરશે એવી દુનિયામાં એકેય માળા કામ કરશે નહી એ તો હું લખીને આપી દઉં. વચનમાં રહેવાની વાત છે.** તમે તો સુજ્ઞ છો. તમારા માટે નથી કહેતો. તમને કહીએ એટલે ફટ દઈને થઈ જાય. **બીજા સુધી પ્રચાર પ્રસાર થાય એ કરવાનું છે.** પહેલા કીધું એમ ગામડામાં ખાલી ડોલર ના મોકલ્યા કરશો. **પણ ગામડાઓમાં જેને હકીકતમાં જે જરૂર હોય એને એ થોડાક અંશે આપીશું તો ભગવાન રાજી થશે. શિક્ષાપત્રી એટલી અગાધ છે કે આપણી તાકાત બહારની વાત છે કે એમાં આપણે ચાંચેય ડુબાડી શકીએ.**

વિજય ધ્વજ કેવો રૂપાળો દેખાય છે. કોઈ દર્શન કરે તોય એનું સારુ થઈ જાય અને આ હનુમાનજી અયોધ્યાપ્રસાદજી દાદાના પધરાવેલા છે એટલે પ્રસાદીના હનુમાનજી દાદા છે અને આપણો આવો સુંદર ઉત્સવ છે. ભગવાન ભેળા છે. બધું એમનું જ છે. શ્વાસ પણ એમનો જ છે. આપણું બધુ એમનું જ છે પણ ધન્યવાદ છે કે આપણે એમના ભાગરૂપ થઈ શકીએ એ બહુ મોટી વાત છે. આપણે એમાં તનથી, મનથી, ધનથી કે સમયથી થોડાક પણ અંશે ભાગ લઈશું તો જીવનની એક સ્મૃતિ થશે.

હમણાં એલ.એ. કે કોઈ ગામ ગયો હતો વિદેશમાં ક્યાંક. **સુવર્ણ જયંતીમાં જેણે સેવા કરી એ બધા જતા રહ્યા વિદેશ. ભગવાને ગોઠવી આપ્યું. બધા અત્યારે સુખી સંપન્ન છે.** વડુવાળા હતા, ઉત્તર મોખાસણના હતા, ઝાલાવાડના હતા, કચ્છના હતા. સ્વયં સેવક જ એટલા થઈ ગયેલા કે ૧૮૦૦૦ તો ફોર્મ ભરાયેલા. મેં કીધું મારે હરિભક્તોને સાચવવાના કે તમને સાચવવાના ? પછી મારે ૮૦૦૦ તો કાઢવા પડ્યા, ૧૦૦૦૦ જ રાખ્યા હતા. એટલે આપણી પાસે બહુ સુવિધા છે. આપણે આપણી જવાબદારી, અમારી, સંતોની, તમારી બધાની સંયુક્ત જવાબદારી ભગવાનને રાજી કરવા માટેની છે. અંતમાં સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૨૩-૦૧-૨૦૨૬ મૂળીધામ પ.પૂ. મહારાજશ્રી : : શિક્ષાપત્રીના પ્રારંભે સ્તુતિ થઈ છે. વામે યસ્ય સ્થિતા રાધા શ્રીશ્ચ યસ્યાસ્તિ વક્ષસિ । વૃન્દાવન વિહારં તં શ્રીકૃષ્ણં હૃદિ ચિન્તયે ॥ એટલા માટે આજે અમદાવાદમાં **"સમૈયો"** થશે. એ રાધાકૃષ્ણદેવના સાંનિધ્યથી ચાલુ થાય એવો સંકલ્પ લાલજી મહારાજશ્રીએ કરેલો, વાત કરેલી.

આ ઝાલાવાડનો પ્રાંત દેખાવમાં સૂકો છે પણ અંતરથી લીલો છે અને જે લાગણી, હેત, પ્રેમ એ હંમેશા દેવ પ્રત્યેની વફાદારી અને નિષ્ઠા રહી છે એ અદ્‌ભુત છે. આજે આ પવિત્ર દિવસે અહીં કેટલા બધા હરિભક્તો એકત્રિત થયા છે. એટલે ખાસ તો **જેટલું દેવને અર્થે થાય એ અગત્યનું છે.**

આજે જે શિક્ષાપત્રીનું પ્રતિક અહીં મૂક્યું છે એ આપણા માટે લખી છે એની વાત મેં ગઈકાલે ભુજમાં કીધી હતી. પુનરાવર્તન નથી કરવાનું પણ વસ્તુ



એટલી છે કે **આ ગ્રંથ આપણા માટે, આપણા હિત માટે, આપણા કલ્યાણ માટે લખેલો છે.** દીકરો નાનો હોય ત્યારે બાપ આંગળી ઝાલવા દે ને કાં તો હાથ આપી દે, પછી દીકરો મોટો થાય એટલે કાં દીકરો છોડે ને કાં તો બાપ છોડે, પડશે તો શીખશે, એમ આ દુનિયાની રીત છે. એક ક્યાંકથી સાંભળેલું, સરસ છે. દંતકથા છે. બાપે મેડી ઉપર નળિયા સરખા કરવા માટે પોતાના દીકરાને નિહરણી નાખી આપી. જે દેશમાં હોઈએ એ ભાષા બોલીએ. ગઈકાલે કચ્છની ભાષા બોલ્યા હતા. કચ્છી પાછા નિહરણીમાં ના સમજે. નિહરણી એટલે સીડી. દીકરો ૧૫ વર્ષનો હતો. શરૂઆતથી જોડે ખેતરે જતા હોય એટલે બાપ કહે, તું નાનો છો ને એટલે ચડ ઉપર, હરખું કર. છોકરો ચડ્યો એટલે બાપે સીડી લઈને પાડ્યો એને હેઠે. દીકરો કહે, તમે ને તમે ચડાવ્યો ને તમે ને તમે પાડ્યો? બાપ કહે, બસ, એટલું જ શીખવાનું છે કે સગા બાપ ઉપર વિશ્વાસ ન કરવો.

અહીંયા ઝાલાવાડથી એક ૮૫ વર્ષના ભાભા વડીલ આવ્યા હતા. ત્યાં આગળ ધરો છે, લોન છે, ત્યાં વાત કરવા અમે શાંતિથી બેઠા હતા. એ હેઠા બેઠા, હુંય હેઠો બેઠો. મેં કીધું, "શું લેશો? ચા-પાણી કરવા છે?" એ કહે, "દૂધ પીઈશ." "બરોબર". મને વ્યક્તિગત રીતે લાલચ ને લોભ કે શીખવા લાયક કંઈ મળતું હોય તો લઈ લઉં. એટલે મેં કીધું, કંઈ કહો વાત. એ કહે, કહેવા જેવું કંઈ નથી. મેં કીધું કેમ? આ ખોટી વાત નથી કરતો, બનાવટી વાત નથી. સામે બેસીને વાત થઈ છે. ૧૫ વર્ષ પહેલાની આ વાત છે. ત્યાં બેઠે બેઠે ડોહાએ કીધું, આ દુનિયા શેના ઉપર ચાલે છે? હું ઘડીક વિચાર કરવા માંડ્યો, શેના ઉપર ચાલે છે? મેં કીધું, તમે જ કહો ને, તમે વડીલ છો. શેના ઉપર ચાલે છે? એ કહે, એક જ વસ્તુ ઉપર ચાલે છે. **'આમાં મારું શું? નહીં તો મારે શું?'** આ એક જ વસ્તુ છે, એના ઉપર દુનિયા ચાલે છે. મેં કીધું, આજથી તમે મારા ગુરુ. આ હકીકત છે. આ દુનિયામાં તમે વિચાર કરો, જો મારું શું? નહી તો મારે શું? એની ગણતરી માંડતા થશો તો દુનિયા એના ઉપર જ ચાલે છે. જ્યારે આ સંપ્રદાયમાં પોતાના આશ્રિતનું નાના દીકરા-દીકરીનું કલ્યાણ મહારાજે પોતે હાથમાં લીધું. એટલે સુધી મહારાજે કીધું, **આ દેહે કરીને સુખી કરીશું ને દેહ પડી જાય તો પણ સુખી કરીશું એ જવાબદારી અમારી છે. જો સત્સંગમાં રહેશો તો.** એ વાત અહીં આવીને અટકે છે. **આ શિક્ષાપત્રી આપીને મહારાજે આપણું કાંડુ ઝાલ્યું છે, કોઈ દિવસ ભગવાન આપણાથી દૂર ન થાય. અન્ન, ધન, વસ્ત્ર અને આબરુ બધે વડે કરીને સુખી કર્યા તો એનું કારણ ભગવાન છે અને એ ભગવાન સિવાય મતિ ક્યાંય ભ્રમિત ન થાય એની આપણે ખાસ તકેદારી રાખવાની છે, એનો ખટકો રાખવાનો છે.**

બાલાસિનોરમાં ગયો હતો. ત્યાં મેં સભામાં વાત કરી હતી. જનરલ વાત થઈ હતી. મેં કીધું, આજે ગાદી ઉપર હું બેઠો છું. એના ઉપર આચાર્ય બદલાયા. આજથી ૫૦ વર્ષ પહેલા બીજા હતા અને ૧૦૦ વર્ષ પહેલા બીજા હતા. તમે હરિભક્તો ભાઈઓ-બહેનો સામે બેઠા છો એ બદલાયા, બે-ત્રણ પેઢી માં જોઈ છે. સંતોમાં બદલાયા. એટલે અહીંયા સામે બદલાશે, બાજુમાં બદલાશે પણ ભગવાન બદલાયા? બસ. એ જ પકડવાનું છે. **જો ભગવાન પકડાઈ જશે તો આપણી પેઢી દર પેઢી સુરક્ષિત થઈ જશે. આ સમજણ કેળવવી બહુ જરૂરી છે. એ ભગવાનના થઈને રહીએ એ બહુ જરૂરી છે.**

અંતમાં, પ.પૂ. મહારાજશ્રીએ દેશો દેશના એક એક હરિભક્તના ખૂબ પ્રેમથી નામ બોલીને પોતાની પાસે બોલાવીને સન્માન કર્યું હતુ. અને અંતમાં, અમદાવાદ પધારવા સૌને આમંત્રિત કર્યા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રી : આપ સર્વે હરિભક્તોનું સમૈયામાં ખૂબ ખૂબ હાર્દિક સ્વાગત છે. આજે સમૈયાની શરૂઆતમાં જ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આપણી સમક્ષ ઉપસ્થિત છે આપણા સંપ્રદાય સાથે તેઓનો ઘર જેવો નાતો છે. જ્યાં જ્યાં અમદાવાદ દેશને કાલુપુર મંદિરને કે સંસ્થાના આપણા કોઈપણ મંદિરોને નાની મોટી જરૂરિયાત ઉભી થઈ છે ત્યારે કાયમ માટે તેઓએ આપણને સહયોગ આપ્યો છે. એ બદલ સમસ્ત સંતો હરિભક્તો, અમારો પરિવાર અને સમસ્ત સંસ્થા વતી આપનો ખૂબ ખૂબ આભાર અને ખાસ તો પ્રારંભના દિવસે જ આપ પધાર્યા અને આપે જે આટલો સરસ પ્રસંગને શોભાવ્યો એ બદલે ખૂબ ધન્યવાદ.

આટલી મોટી સંખ્યામાં સંતો અને હરિભક્તો ઉપસ્થિત છે ત્યારે **આ સમૈયો ઉજવવા પાછળનું કારણ, સ્વામિનારાયણ ભગવાને આપણને જે મૂળ સંપ્રદાયની પ્રણાલિકા અને જે સિદ્ધાંતો આપ્યા છે એ જળવાઈ રહે એના માટે આ સમૈયો ઉજવીએ છીએ.**

૨૦૦-૨૦૦ વર્ષ શિક્ષાપત્રી લેખનને થયા અને માત્ર ને માત્ર ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રી આપણને લખીને આપી પરંતુ **એ શિક્ષાપત્રીમાં સર્વે વેદોનો સાર આપણને કરીને આપ્યો છે. સાથે સાથે એક ગૃહસ્થ તરીકે કે એક સંત તરીકે આપણે કઈ રીતે વર્તન કરવું, ક્યાં બેસવું, ક્યાં ઉઠવું, ક્યાં જવું, ક્યાં ન જવું, શું કરવું, શું ના કરવું એ બધા નિયમો આપણને બધાને લખીને આપ્યા છે. એનું ઋણ આપણે ચૂકવી શકીએ નહિ.** આવતી પેઢી પોતાના જીવનમાં આ ઉતારે, સાથે સાથે શિક્ષાપત્રીમાં જે આજ્ઞાઓ કરી છે એનું પાલન કરે.

સમૈયોના માધ્યમથી વધુને વધુ લોકો સુધી શિક્ષાપત્રી પહોંચે. હરિભક્તોનો ઉત્સાહ અમે જોઈએ છીએ. જેવો ઉત્સવ ''પર્વ''માં હતો એવો ને એવો ઉત્સાહ ''સમૈયો''માં છે.

છેલ્લે ભગવાનના ચરણોમાં એ જ પ્રાર્થના કરીએ કે **સમૈયો** ખૂબ સારી રીતે અને ખૂબ નિર્વિઘ્ન રીતે પૂર્ણ થાય. સાથે સાથે જે લક્ષ છે, ઉદ્દેશ છે, મૂળ પ્રણાલિકા, શિક્ષાપત્રીમાં જે સિદ્ધાંત અને નિયમો મહારાજે જે આપણને લખીને આપ્યા છે એ દરેક લોકો સુધી પહોંચે એવી આપણને સૌને શક્તિ આપે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.





પ.પૂ. મહારાજશ્રી : ખૂબ આનંદ છે, આજે પવિત્ર વસંત પંચમીના **સમૈયા**માં એકત્રિત થયા છો. ખાસ કરીને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી છે ને અમારા પાડોશી છે. **આટલી મોટી પદવી ધરાવતા હોવા છતાં જે સરળતા અને સ્માઈલ છે એ સ્માઈલની પાછળ બહુ મોટું યોગદાન છે.** ઘણા વર્ષોથી સાહેબને અમે જાણીએ છીએ. બહુ કઠણ પરિસ્થિતિમાં આપ મહેનત કરીને, કેટલો સંઘર્ષ અને કેટલી મહેનત કરીને એક એક વ્યક્તિ સુધી સેવા કરીને આ પદ શોભાવી રહ્યા છો પણ ગર્વ થાય છે અમને અને **અમારા પાડોશી છો ને અમારા છો.** અને જ્યારે મળવા જઈએ ત્યારે એમના એક પડછાયા સ્વરૂપ કાન્તિકાકાય છે અને એમની આખી ટીમ છે.

શિક્ષાપત્રી, મારી વાણી એ મારું સ્વરૂપ છે. ગમે તે સંપ્રદાય હોય પણ એ સંપ્રદાયનો ઉદ્‌ઘોષ, 'વિકાસ' અને 'વિસ્તાર' થાય છે, એની પરંપરા જળવાઈ રહે છે, એની પાછળનું કારણ સ્વામિનારાયણ ભગવાન છે. કીધું છે, આ શાસ્ત્રોને લીધે થઈને થાય છે.

આપણે ભાગ્યશાળી છીએ કે આપણી પાસે આ શાસ્ત્ર છે. સાહેબ આવ્યા ત્યારે સાહેબને મેં હમણાં જ કીધું. **આ ઓરિજીનલ હરિમંદિરમાં જે ચોકઠા હતા એ ચોકઠાની પરંપરા અમે જાળવીને રાખી છે. આ ઓરિજીનલ (અસલ) શિક્ષાપત્રી છે એ પણ અહીં આપ સૌના દર્શન માટે પધરાવેલી છે.**

આપ સૌ એકત્રિત થયા છો, ન્યુઝિલેન્ડ, ઓસ્ટ્રેલીયા, દુનિયાના એક એક ખૂણેથી હરિભક્તો આવ્યા છે સાહેબ ! કોઈને તાણ નથી કરી, હેરાન નથી કર્યા, દુરાગ્રહ નથી કર્યો અને આ બધા અમારા સંતોની ફોજ છે. **આખી Invisible ટીમ છે.** જેઓએ ખૂબ મહેનત કરીને ૨૦-૨૫ દિવસમાં અહીં જે હતું તેનું આખું રૂપ બદલી નાખ્યું છે. **of Course આ (લાલજી મહારાજશ્રી) અમારા દીકરા છે એટલે વખાણ નથી કરતો પણ સવાર, બપોર, સાંજ કે રાત ખૂબ મહેનત ખટકો રાખીને કરે છે પણ ગર્વ થાય.** આપણી આ પેઢીમાં જે યુવાનો દીકરા-દીકરીઓ આપણા સંપ્રદાયમાં દેશ-વિદેશમાં જોડાયેલા છે, સ્વામિનારાયણ ભગવાને આપેલા સિદ્ધાંતો અને પરંપરામાં રહીને જે કાર્ય કરી રહ્યા છે એ અદ્વિતિય છે. **સિધ્ધાંત, પરંપરા અને માનવતા જળવાઈ રહે, એક બીજાના કામ લાગી શકીએ. એક બીજાના સહયોગમાં ઉભા રહી શકીએ, એક પરિવારના રૂપે થઈ શકીએ, એ બહુ અગત્યનું છે. એના માટે જ આ કાર્ય કરી રહ્યા છીએ.**

તમને બધાને જોઈને - દર્શન કરીને ખૂબ આનંદ થયો. આ બધું કરીએ છીએ, છેલ્લે છેડો શું છે ? **તો છેડો એ ભગવાનની પ્રાપ્તિ છે અને ભગવાન પરાયણ થવાય.**

આપણે મંદિરમાં દર્શન કર્યા. બધા દેવોને પધરાવ્યા છે. **કોઈ ભગવાન નાનો નથી ને કોઈ ભગવાન મોટો નથી. એમ અમારા હરિભક્તો પણ કોઈ નાના નથી ને કોઈ મોટા નથી.** આગળ જગ્યા મળી એ આગળ બેસી ગયા. પાછળ જગ્યા મળી એ પાછળ બેસી ગયા.

સાહેબથી લઈને નાના બાળક સુધી તમારી ભાવના છે, પ્રેમ છે અને લાગણી છે એટલે તમારી પોતાની લાગણી અને પ્રેમથી ઉપસ્થિત રહ્યા છો અને રહેવાના છો. અનેકાનેક ધન્યવાદ. ભગવાન આશીર્વાદ પાઠવે, પરિવારને ખૂબ સુખી સંપન્ન કરે, મંગળ કરે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

તા. ૨૪-૦૧-૨૦૨૬, પ.પૂ. મહારાજશ્રી : ૨૦૨૭ માં ધોળકા મંદિરમાં પણ લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં અને આપ સૌના સહયોગથી ખૂબ મોટો

ઉત્સવ કરવાનો છે.


વચ્ચે હું બહાર ગામડે ગયો હતો ત્યારે ગાડીમાં નીચે ઉતરતા ખબર નહી પણ એક વિચાર આવ્યો. એટલે લાલજી મહારાજશ્રીને મેં વાત કરી, આપણે ઉત્સવોનું નામ પાડતા નથી પણ વિચાર આવે છે. જો હું ચમત્કારમાં માનતો નથી પણ **ભગવાને પ્રેરણા કરી એટલે મેં કીધું કે આપણે ધોળકા ઉત્સવનું નામ "ત્યોહાર" રાખવાનું છે. પર્વ નામ ગાદીવાળાએ આપ્યું હતું.** પછી પકડાયું બધુ સરસ, આજે કેટલા બધા દીકરાઓનું નામ પર્વ છે. એટલે એ સ્મરણ છે. **પર્વ થયો, સમૈયો થયો, અવસર થશે અને પછી ત્યોહાર થશે. ભગવાન મળ્યાનો આનંદ જ ઉજવવાનો છે બસ.**

ત્યોહાર શેનો ? સમૈયો શેનો ? **સમૈયો**નો અર્થ આપણા શાસ્ત્રોમાં લખેલું છે એ પ્રમાણે અને ગુજરાતી શબ્દ કોશની અંદર પણ હમણા સ્વામીએ વાત કરી એ પ્રમાણે ભગવાન પધારતા ત્યારે ભક્તો ગામના સીમાડા સુધી ભગવાનને તેડવા જાય, અફકોર્સ ત્યારે **DJ-BJ** નહોતા, સારુ હતું પણ એ આપણી પરંપરા અને પ્રણાલિકા પ્રમાણે નાના મોટા હરિભક્તો જે જેના ભાવ હોય એ પ્રમાણે સામે જતા, સામૈયું કરતા, અને ભગવાનને પધરાવે, તેડીને આવે, તેડીને ઈન સેન્સ કે તેડાવે, લઈને આવે એને **સમૈયો** કહેતા હતા. **આપણા જીવનની અંદર એ ભગવાન શિક્ષાપત્રી સ્વરૂપે આવ્યા છે એનો આ ઉત્સવ છે.**

ધોળકામાં જ્યાં નાનકડી જગ્યા હતી. બધાની અનુકૂળતા મુજબ એની પાસેના મકાનો-બકાનો લઈને ડાયરેકટ રોડ પર **Access** મળે એ પ્રમાણે કરવું છે. કારણ કે **મહારાજે આપણને નવ મંદિર આપ્યા એ પૈકીના આપણા ધોળકા મંદિરમાં ભગવાને પધરાવેલ એ મૂર્તિઓ, પ્રતાપી દેવ છે. ધોળકા પ્રાંતના નળકંઠો અને ભાલપ્રદેશ એ બેયને સાચવવા મહારાજે એ દેવ પધરાવ્યા છે અને આપણને કાષ્ઠની મૂર્તિ અમદાવાદ રંગમહોલમાં છે, હવેલીમાં છે અને કાષ્ઠની મૂર્તિ ધોળકામાં છે.**


કહેતા આનંદ થાય છે, કહેવા બેઠો છું, એટલે કહી દઉં કે સતીષભાઈએ **ત્યોહાર**ના મુખ્ય યજમાનપદે રહેવાનો સંકલ્પ કર્યો છે. આમાં પૈસાની બાબત નથી પણ આ ઉંમરે ભગવાનના થઈને રહેવું, દીકરા દીકરીઓ, નાના દીકરા-દીકરીઓ એને પણ સત્સંગમાં લઈ આપણા સિદ્ધાંતો પરંપરા, આપણી જે પણ આ મૂડી છે એ જળવાઈ રહે એના માટે થઈને જે પણ થાય છે એ રૂપિયા માટે નથી થતું. અમારા સતીષભાઈ **Incognito** સંતાઈ સંતાઈને સેવા કરતા હતા, કોઈને કીધા વગર. મેં કીધું ઓપન કરો, અમારે બીજાને પ્રેરણા થાય એટલા માટે. એમણે મને ના કહી હતી. કહે છે કે પોલ ખોલી. પોલ નથી ખોલતો હું. આ તો પ્રેરણા બીજાને મળે એના માટે. મને તો અનાદિકાળથી, રામાનંદ સ્વામી હતા ત્યારથી ખબર છે. આમાં પૈસા કરતા સમયનું યોગદાન મહત્વનું છે. આ ઉંમરે ૨૦ વર્ષના જવાનને દોડાવે, ગ્રાઉન્ડ ઉપર પાછા સેવા કરતા હતા. કહે છે, આપના આશીર્વાદ, મારા તો ખીસા ખાલી છે. ભગવાન સિવાય આશીર્વાદ લેવાય નહી. ભગવાન સિવાય ક્યાંય માથું ટીકવવું નહીં. હું તો એટલું માનું છું. સરસ સતીષભાઈ, ખૂબ આનંદ થયો, આ તો આટલા બધા હરિભક્તો સામે બેઠા છે એટલે વાત થઈ ગઈ.

લાલજી મહારાજશ્રી વતી બધાને અત્યારથી જ આમંત્રણ આપી દઈએ છીએ. ધન્યવાદ.



પ.પૂ. લાલજી મહારાજશ્રી : પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આ પ્રસંગે સતીષભાઈને સ્ટેજ પર પધારવા આગ્રહ કરીને કહ્યું હતું કે સતીષભાઈની સેવા **સમૈયા**માં પણ રહેલી છે.

આપણે **સમૈયો** ઉજવીએ છીએ. એવી રીતે ટૂંક સમયમાં **અવસર** (જેતલપુર), પછી **ત્યોહાર** ઉજવવાનો છે. પ્રસંગ ઉજવવાની અમદાવાદ દેશની જે પ્રણાલિકા છે એ અવાર-નવાર હરિભક્તોને લાભ મળે એના માટે કાયમ પ્રસંગો ઉજવાતા હોય છે એની પાછળનું કારણ એક જ છે કે ગમે તે રીતે હરિભક્તો સત્સંગથી નજીક જોડાય, સત્સંગ જાગૃત રહે અને એમાં ખાસ કરીને આપ જેવા હરિભક્તોનો સહકાર સાથે સાથે સંતો અને સ્વયં સેવક હરિભક્તોની મહેનત એ ભેગું થાય છે ત્યારે બધા પ્રસંગો સફળ થાય છે. તો **ત્યોહાર**નો પ્રસંગ પણ જરૂરથી ધામધૂમથી માણવાનો છે એની બધા ખાસ નોંધ લેશો.



તા. ૨૫-૧-૨૦૨૬ પ.પૂ. મોટા મહારાજશ્રી : પરમ આદરણીય, પરમ શ્રધ્ધેય તિલક બાવા, આદરણીય સંતો અને વહાલા સત્સંગી બંધુઓ, મારે ફક્ત બે શબ્દો કહેવા છે. આપનો આભાર વ્યક્ત કરવો છે. આપ અહીં પધાર્યા કારણ કે એવો જૂનો સંબંધ છે, ઘણા બધા પ્રસંગો છે. કદાચ એમને પણ ખબર નહીં હોય, એમના દાદા અંગે. પૂ. બાપુજી જ્યારે ગાદી પર બિરાજમાન થયા ત્યારે પૂ. બાપુજીની ઉંમર ૧૩ વર્ષની હતી. અને એમના દાદા જ્યારે ગાદી અભિષેક કરવા મંદિરે આવ્યા હતા ત્યારે એ બાલસ્વરૂપ હતા. પછી મને ગાદી પર બેસાડ્યો ત્યારે મને પાઘ પહેરાવનાર પણ એમના દાદા હતા. પૂ. બાપુજી સાથે બહુ આત્મીયતા રાખતા અને મારી સાથે પણ એટલી આત્મીયતા હતી કે એકલા હોઈએ ત્યારે તુંકારો કરીને બોલાવે અને સભામાં હોઈએ ત્યારે આપ કહે, બહુ પ્રેમ રાખતા હતા. ઘણી બધી સ્મૃતિઓ છે.

એમણે કહ્યું, સ્વામિનારાયણ સંપ્રદાયના પાયામાં કૃષ્ણભક્તિ છે તો શિક્ષાપત્રીમાં જોઈએ તો કૃષ્ણ પરમાત્માના નામનો જેટલો ઉલ્લેખ છે એટલો કોઈ શબ્દનો ઉલ્લેખ નથી. આપણી સેવારીતિ વગેરેનો એમણે સારી રીતે ઉલ્લેખ કર્યો અને શિક્ષાપત્રી વાંચવાનો અનુરોધ કર્યો. તો **આપણા સંપ્રદાયમાં તો મહારાજે જ આજ્ઞા કરી છે કે દરરોજ શિક્ષાપત્રીનો પાઠ કરવો, પાઠ ન થાય તો શ્રવણ કરવું ને શ્રવણ ના થાય તો પૂજા કરવી. વચનામૃતમાં એક એક્સ્ટ્રા એડ કલમ મૂકી છે કે એ પણ ન થાય તો ઉપવાસ કરવો. આટલો મહિમા શિક્ષાપત્રીનો કહ્યો છે.**

આપ અમારા પ્રસંગમાં પધાર્યા અને શોભામાં અભિવૃદ્ધિ કરી એ બદલ ધન્યવાદ. બીજી બધી વાતો આગળ કરીશું. જય સ્વામિનારાયણ.

તા. ૨૬-૧-૨૦૨૬ પ.પૂ. મોટા મહારાજશ્રી : આપણે અલૌકિક પ્રસંગનો આનંદ માણી રહ્યા છીએ. **શિક્ષાપત્રી એ સનાતન સત્ય છે.** અમે સ્કુલ માં જ્યારે ભણતા હતા ત્યારે **Iternal Truth** શબ્દ આવે એટલે જે શિક્ષક હોય એ સમજાવે કે સૂર્ય પૂર્વમાં ઉગે છે અને પશ્ચિમમાં આથમે છે એને ઈટર્નલ ટ્રુથ કહેવાય. ઈટર્નલ ટ્રુથ ક્યારેય અસ્ત પામતું નથી. એ હોય છે, અત્યારે છે અને ભવિષ્યમાં રહેશે. **તો શિક્ષાપત્રી એ સનાતન સત્ય છે.**

શાસ્ત્રકારો એમ કહેતા હોય છે કે જગતના તમામ વેદ પુરાણો એક બાજુ, એક પલ્લામાં મૂકીએ અને શ્રીમદ્ ભાગવત એક પલ્લામાં મૂકીએ તો બધા વેદ

પુરાણો કરતા શ્રીમદ્ ભાગવતનું વજન વધી જાય. એમ હું કહું છું કે **આપણા સંપ્રદાયના તમામ શાસ્ત્રો એક પલ્લામાં મૂકીએ અને બીજા પલ્લામાં શિક્ષાપત્રી મૂકીએ તો જોવામાં ભલે નાની હોય પરંતુ એનું વજન વધી જાય. આપણા જીવનમાં જો શિક્ષાપત્રી હશે તો આપણા સુખની Unconditional ગેરંટી શ્રીજીમહારાજે આપણને આપી છે. જવાબદારી લીધેલી છે.**

નાનપણમાં પંડિતજી દુર્ગાનાથ ઝા અમને ભણાવવા આવતા. બાપુજીએ આજ્ઞા કરેલી. શિક્ષાપત્રીની શરૂઆતમાં શબ્દ આવે **નાના દેશ સ્થિતાન**..... મેં પ્રશ્ન કર્યો. નાના દેશ એટલે શું ? તો કહે, અમદાવાદ દેશ, કચ્છ દેશ, સૌરાષ્ટ્ર દેશ વગેરે. મેં કહ્યું, આવું કેવી રીતે કહેવાય ? એને દેશ કેવી રીતે કહેવાય ? દેશ તો ભારત, પાકિસ્તાન, અમેરિકા, બીજા ઈંગ્લિશ દેશ એને દેશ કહેવાય. તો કહે, ના આપણે અહીં એને દેશ સમજવાનું છે. હવે અત્યારના સંદર્ભમાં કહીએ તો મહારાજે વન વિચરણ ચાલુ કર્યું ત્યારે મોક્ષ પીપળા ઉપર ચડીને જોયું પશ્ચિમ દિશા તરફ, પશ્ચિમ દિશા પરત્વે મુમુક્ષુઓ તરફ દ્રષ્ટિ પડી તો મારું એવું માનવું છે કે **મહારાજની દ્રષ્ટિ કોઈ સિમિત ન હોય. એ કોઈ જગ્યાએ રોકાય એવી ન હોય. મહારાજની દ્રષ્ટિ આખા પૃથ્વીના ગોળાર્ધમાં, આખી દુનિયામાં ફરીને પાછી આવી છે. અત્યારે એવું છે.** જો આજથી ૫૦-૬૦ વર્ષ પહેલા બેઠા હોઈએ અને સત્સંગીઓ આવે, આપણે પૂછીએ ક્યાંથી આવ્યા ? કોઈ કહે અમે મુંબઈથી આવ્યા, કોઈ કહે મદ્રાસથી, કોઈ કહે કચ્છથી, કોઈ કહે સૌરાષ્ટ્રમાંથી આવ્યા. પછી અમારા સમયમાં અત્યારે અમે મ્યુઝિયમમાં બેઠા હોઈએ અને પૂછીએ, ક્યાંથી આવ્યા ? તો કોઈ કહે, અમેરિકાથી આવ્યા છીએ, ઓસ્ટ્રેલીયા, યુગાન્ડા કે ન્યુઝિલેન્ડથી આવ્યા છીએ **પણ અમને દેખાય છે કે જ્યારે લાલજી મહારાજનો સમય આવશે, એથી આગળનો ત્યારે પૂછશે કે ક્યાંથી આવ્યા ? ત્યારે કહેશે, અમે મંગળ ગ્રહમાંથી આવીએ છીએ. ચંદ્ર પરથી, માર્સ (મંગળ ગ્રહ) પરથી, મુન (ચન્દ્ર) પરથી આવ્યા છીએ. આવો સમય આવશે. આ વાસ્તવિકતા છે. આવી શકે છે.**


શિક્ષાપત્રી આખા જગતની માતા છે. શિક્ષાપત્રીને અનુસરે એ ક્યારેય દુઃખી ન થાય. તો જીવનમાં હંમેશ અવશ્ય શિક્ષાપત્રીનું અનુસંધાન રાખજો.

આજે હમણાં જ Digital (ઈલેકટ્રોનિક પધ્ધતિથી ચાલતો) શો જોઈને આવ્યો, અમને હર્ષના આંસુ આવી ગયા. લાલજી મહારાજે સરસ પરિશ્રમ મહેનત કરી છે. એમને ખૂબ ખૂબ અંતરથી ધન્યવાદ આપું છું. આવા ઉત્સવ બોલવાના ઉત્સવ નથી હોતા પરંતુ માણવાના, અનુભવવાના કે અનુભૂતિ કરવાના આ ઉત્સવો હોય છે અને આપણે દિવ્ય અનુભૂતિ કરી રહ્યા છીએ.

આપ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ અને ખૂબ આશીર્વાદ સાથે વિરમુ છું.

પ.પૂ. લાલજી મહારાજશ્રી : સમૈયોની શરૂઆત હમણા જ કરી હતી એવું લાગે છે અને લગભગ છેલ્લી સાંજ આપણે આ ઉત્સવને ધામધૂમથી માણી રહ્યા છીએ. આટલી મોટી સંખ્યામાં હરિભક્તો, આમંત્રિત મહેમાનશ્રીઓ અને દેશ વિદેશથી હરિભક્તો પધાર્યા છે ત્યારે **આ ઉત્સવ ઉજવવા પાછળનું કારણ માત્રને માત્ર સ્વામિનારાયણ ભગવાને આપને જે મૂળભૂત સિદ્ધાંતો આપ્યા છે એને જાગૃત કરવાનું છે અને એ દરેક લોકો સુધી પહોંચાડવા માટે આ સમૈયો ઉજવી રહ્યા છીએ.**

અમદાવાદ દેશની કાયમ એક ખાસિયત રહી છે કે કોઈ પણ ઉત્સવ થાય એનો જે આગળનો ઉત્સવ હોય એનાથી બે ગણો વધારે મોટા પાયે થાય છે અને જે આજે જોવા મળે છે. આ થાય છે એની પાછળ આપ બધા હરિભક્તો અને સંતો તન, મન, ધન અને સમયથી જે યોગદાન આપો છો તેના કારણે આવા ઉત્સવો ઉભા થાય છે. જે આટલું મોટું ગ્રાઉન્ડ આપણે જોઈ રહ્યા છીએ, લગભગ ૨૦૦ વીઘા જમીનમાં આ આખું અગર નાનું શહેર કહું તો





પણ અતિશયોક્તિ નથી. જે આપણે માત્ર પાંચ દિવસ માટે ઉભું કર્યું છે. એ ત્યારે થયું જ્યારે સ્વયં સેવકો, સંતો, હરિભક્તો બધા ભેગા થયા છે. **એક થઈને એક જ લક્ષ લઈને કે કઈ રીતે ભગવાનને રાજી કરવા અને આ ઉત્સવ થકી વધુ ને વધુ લોકો ભગવાનથી નજીક જોડાય અને સ્વામિનારાયણ ભગવાને આપણને ૨૧૨ શ્લોકની જે શિક્ષાપત્રી આપી છે એ દરેક લોકો સુધી પહોંચે એના માટે જ આ સમૈયો છે.**

અહીં ટેકનોલોજી પણ છે સાથે સાથે સનાતન હિન્દુ વૈદિક પરંપરા પણ છે. A.I. (Artificial Intelligence) ડોમ છે તો એની સામે યજ્ઞ શાળા છે, મહાપૂજા છે અને બાજુમાં વેદશાળા પણ છે. તો આ જે મિશ્રણ છે, આ જે આખું Combination છે જે આપણી મૂળભૂત પરંપરા, આપણા સંસ્કારો અને સિધ્ધાંતો અને આજના યુગની ટેકનોલોજી એ એક ભેગું કઈ રીતે કરીને આજના યુવાનોને આપણે સત્સંગથી નજીક, ભગવાનથી નજીક જોડી શકીએ એના માટે આ પ્રયત્ન છે અને એની સફળતા આપણે જોઈ રહ્યા છીએ. ગઈકાલે સવારે જ મને ફોન હતો કે સવારે સાત વાગ્યાથી જે Exhibition છે એની આગળ હરિભક્તોની લાઈન લાગવાની શરૂઆત થઈ ગઈ છે. ભગવાનના ચરિત્રો ઉપર આપ સૌને પ્રેમ છે એટલે આટલું સરસ Exhibition થયું અને આખાય પરિસરમાં જે પંચદેવના મંદિરથી લઈ રાત્રી કાર્યક્રમો અને અન્ય જે પણ કાર્યક્રમો થયા એ બધામાં આપ સૌએ સાથ સહકાર આપ્યો એ બદલ દરેકે દરેક હરિભક્તોને ખૂબ ખૂબ ધન્યવાદ.

મહારાજે શિક્ષાપત્રીમાં બહુ સ્પષ્ટતાથી બધા માટે નિયમો આપ્યા છે અને ગમે તે સમયનો ઈતિહાસ આપણે ઉઠાવીને જોઈ લઈએ તો જેણે એનું ઉલ્લંઘન કર્યું છે એ બધાય દુઃખી થયા છે, થયા છે ને થયા છે કારણ કે મહારાજની આજ્ઞા છે અને મહારાજની આજ્ઞામાં કોઈ બાદબાકી નથી હોતી. તો એ સિદ્ધાંત અને નિયમોમાં રહી આપણે ખૂબ ભજન ભક્તિ કરીએ અને જીવનું કલ્યાણ કરીએ એવી આજના પવિત્ર દિવસે નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

પ.પૂ. મહારાજશ્રી : ખૂબ આનંદનો આજે આપણો **સમૈયો** ચાલી રહ્યો છે. **આ સંપ્રદાયમાં સમૈયા કોઈ દિવસ બંધ થયા નથી ને થવાના નથી. ભગવાનને મળ્યા, આપણા જીવનમાં ભગવાન પધાર્યા એનો આનંદનો આ સમૈયો છે.**

લાલજી મહારાજશ્રીની વાત કરી. દીકરા છે એટલે બહુ વખાણ નહી કરુ

પણ હરિપ્રિય સ્વામીએ વાત કરી એ તો સાચી જ છે. **હું બેઠો તો છું જ ! ઉભો તો નહી જ થઉં. એટલે જગ્યા ખાલી કરી આપીશ, પણ ઉભો નહી થઉ. હું બેઠો તો રહેવાના જ ! જગ્યા એમના માટે જ છે. વ્યવસ્થા તો એના માટે જ કરીએ છીએ. ખુરશીનો મોહ નથી પણ દેવનો મોહ છે. જો દેવનો મોહ છે તો આ દેવ માટે કોઈ વસ્તુ અડચણરૂપ થાય તો મને ઉભો થતાય વાર નહી થાય એય હું કહું છું.**

જે સમયની અંદર છપૈયા પ્રોજેક્ટ ચાલુ થયો ત્યારે અંદાજિત ૧૭૩ કરોડ રૂપિયાનું બજેટ કાઢેલું તેનું વધારે વધતું વધતું કરીને **Inflation Index** ગણતા અને બીજી બધી વસ્તુ ગણતા કારણ કે છપૈયાની અંદર સિમેન્ટ સસ્તી છે અને રેતી મોંઘી છે બાપુ, બોલો ! હમણા ટીના બાપુ જઈ આવ્યા લગભગ નહીં બાપુ ! રેતી દૂરથી લાવવી પડે છે. એટલે મોંઘી છે અને આપણા માટે જે ગણો એ મહારાજના જન્મસ્થાનની આ ભૂમિ છે. એટલા માટે લાલજી મહારાજ, મોટા બાપજી અમે ત્રણેયે મળીને નક્કી કર્યું છે, આ ઉત્સવ ને પછી જેતલપુરનો ને પછી ધોળકાનો પણ ૨૦૦ વર્ષનો ઉત્સવ આવશે એમાં જે પણ બચત થશે, ધારો કે દોઢ વર્ષે એ પ્રોજેકટ પૂરો થઈ જશે કેમ કે ઘણા બધા અપગ્રેડેશન પ્લાન છે. **એ બધી બચત છપૈયા માટે, ઘનશ્યામ મહારાજ માટે વાપરવાની છે અને આપણું ઉદ્‌ભવ સ્થાન છે ને એક એ છે ને એક આ નરનારાયણદેવનો આશરો છે. આપણે ભાગ્યશાળી છીએ કે એક નરનારાયણદેવ અને બીજું એ છપૈયાનું સ્થાન એ અમદાવાદ દેશને મળ્યા છે. બીજા કોઈની પાસે નથી એટલે ગૌરવ થાય.**

ઉત્સવો આપણે થતા જ રહેવાના છે. આપ સૌએ જે મહેનત કરી છે ધન્યવાદ કહું તો પણ ખોટું લાગે પણ **આ આપણું છે. ભગવાન આપણા છે, છેવટે ભગવાનને રાજી કરવા માટે કરીએ છીએ, બાકી કોઈને રાજી કરવાના નથી. ભગવાન ને ભગવાનના ભક્તો રાજી થાય એનાથી બીજી મોટી કોઈ પ્રાપ્તિ નથી. આ મહારાજના પોતાના વચનો છે.**

શિક્ષાપત્રી આપણને મળી છે. શિક્ષાપત્રીની ચોખવટ કરી દઉં. તમને બધાને. કોઈ શિક્ષાપત્રી માટે બંધારણ શબ્દ વાપરતા હોય તો પહેલા સાંભળો. **શિક્ષાપત્રી સંપ્રદાયનું બંધારણ નથી. દેશ વિભાગનો લેખ સંપ્રદાયનું બંધારણ છે. અને જેણે ના વાંચ્યું હોય એ વાંચજો. દેશ વિભાગના લેખમાં શું આવે છે એ સમજવાની જરૂર છે. શિક્ષાપત્રી એ આપણા જીવનનું બંધારણ છે.** આચાર્યથી લઈ સંતો, બ્રહ્મચારી, પાળાથી લઈ હરિભક્તો બહેનો, ભાઈઓ, સધવા-વિધવા બધાના ધર્મો એ શિક્ષાપત્રીમાં આવે છે. એટલે એ જીવનનું બંધારણ છે અને સંપ્રદાયનું બંધારણ દેશ વિભાગનો લેખ છે. કદાચિત મનમાં ગ્રંથિ બંધાઈ ગઈ હોય તો કાઢી નાખજો. કારણ કે બહુ બોલવામાં આવે તો ઘણીવાર ખોટું સાચું થઈ જાય. વારંવાર બહુ જૂઠું બોલોને તમે તો પછી આપણે ને આપણે માનવા માંડીએ કે આ સાચું જ છે. આ નિયમ છે. એટલે **શિક્ષાપત્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ નથી, શિક્ષાપત્રી એ જીવનનું બંધારણ છે અને ફરી એક વાર કહું છું કે સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ એ દેશ વિભાગનો લેખ છે, છે, છે, છે ને છે એ ખાસ આપણે ધ્યાન રાખવાનું છે.** લાલજી મહારાજશ્રી એ ખાસ મહેનત કરીને પ્રિન્ટ કરીને અગાઉના પ્રસંગમાં દેશ વિભાગનો લેખ બધાના ઘેર પહોંચે એવો પ્રયત્ન કર્યો હતો. **હજુ પણ ના હોય તો આપણા મંદિરથી પહોંચાડી દેવાના છે એની Digitalization** (ડિજીટલ ટેકનોલોજીનો ઉપયોગ) **ઓડિયો** (શ્રાવ્ય) **ફાઈલ કરો ને એ દરેક સુધી પહોંચાડો. આજ્ઞાપત્રની હમણાં વાત થઈ એ બધી વસ્તુ ઓરિજિનલ આજ્ઞાઓ દેશ વિભાગના લેખમાં આવે છે. અને જેને લીધે થઈને આપણે બધા ઉજળા છીએ. દેશનું બંધારણ હોય ને એ પ્રમાણે કોઈ ન રહે તો દેશમાં અરાજકતા આવી જાય તેમ આપણા સંપ્રદાયનું બંધારણ દેશ વિભાગનો લેખ છે તેને કોઈ ન અનુસરે તો શું થાય ?**

વિશેષ, હવે હું ઈચ્છા કરીશ, મોટા બાપજીના આશીર્વાદ લઈએ. એમના આશીર્વાદમાં બધાના આશીર્વાદ આવી જાય.

પ.પૂ. મોટા મહારાજશ્રી : આ ઉત્સવ એવો ઉજવાયો છે કે એનો સ્વાદ મહિનાઓ સુધી, વર્ષો સુધી જવાનો નથી. જેમ સારું ભોજન જમ્યા હોઈએ પછી મુખવાસ લઈએ તો પણ એનો સ્વાદ ન જાય. એમ જ્યાં સુધી જેતલપુરનો ઉત્સવ આવશે ત્યાં સુધી આ ઉત્સવનો સ્વાદ જવાનો નથી.

દાતાઓએ યોગદાન આપ્યું છે. નાની મોટી સેવા, સ્વયં સેવકો વગેરે તમામને ખૂબ ધન્યવાદ. ખાસ કરીને લાલજી મહારાજશ્રીનું માર્ગદર્શન હતું. ખૂબ **Meticulous** (જીણવટપૂર્વકનું) **માર્ગદર્શન હતું એટલે એમને**

અંતરથી આશીર્વાદ આપું છું. એક પછી એક આવા ઉત્સવો એમના હસ્તે થાય અને સંપ્રદાયમાં નરનારાયણદેવ ગાદીને ખૂબ યશકીર્તિ અપાવે અને પોતે પણ ખૂબ યશકીર્તિ મેળવે.

થોડા દિવસ પહેલા મને કોઈએ પૂછ્યુ હતું કે વચનામૃતમાં મહારાજે કહ્યું, મૂર્તિ અખંડ સંભારી રાખવી, એનાથી મોટી કોઈ પ્રાપ્તિ નથી. તો મૂર્તિ અખંડ કેવી રીતે સંભારી રાખવી ? આપણે ગાડી ચલાવતા હોઈએ, દુકાનમાં બેઠા હોઈએ, ધંધો કરતા હોઈએ તો એનો બહુ સહેલો ઉપાય છે. **શિક્ષાપત્રીની આજ્ઞાઓ પાળવા ઉપર મનની અખંડ વૃત્તિ રહે તો એ મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રહ્યા બરોબર છે. માટે હંમેશા શિક્ષાપત્રીની આજ્ઞાઓ પાળવાનો ખટકો રાખવો અને સત્સંગનો ખપ રાખવો. શિક્ષાપત્રીમાં છેલ્લા ૨૧૨માં શ્લોકમાં મહારાજે આપણને આશીર્વાદ આપ્યા છે તો એ આશીર્વાદ આપણને ક્યારે મળે જ્યારે બાકીના ૨૧૧ શ્લોક આપણે પાળીએ તો જ મળે.**

હમણાં મહારાજશ્રીએ બહુ સરસ વાત કરી. શિક્ષાપત્રી એ ધાર્મિક પુસ્તક નથી પણ જીવન જીવવાની કળા છે. અન્ય સંપ્રદાયના કોઈપણ વ્યક્તિ શિક્ષાપત્રીના પાના ફેરવે તો એને એમ જ થાય કે આ તો અમારા સંપ્રદાયની જ વાત લખી છે. એવી સરસ શિક્ષાપત્રી મહારાજે આપણને આપી છે.



શિક્ષાપત્રી આપણા જીવનમાં અખંડ રહે, એની આજ્ઞાઓ પાળવાનો ખટકો રહે, સર્વાવતારી શ્રીહરિનો રાજીપો રહે એટલું કહીને વિરમું છું.

તા. ૨૭-૦૧-૨૦૨૬ પ.પૂ. લાલજી મહારાજશ્રી : માનનીય ભારતના ગૃહમંત્રી અને સહકાર મંત્રીશ્રી અમીતભાઈ શાહ સાહેબ, ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, ભાજપ પાર્ટીના અમદાવાદ પ્રદેશ પ્રચારક પ્રેરકભાઈ, સમસ્ત હરિભક્તો, સંતો, જોતજોતામાં **સમૈયો** ના પાંચ દિવસનો સમય ક્યાંય વીતી ગયો એ આપણને ખબરેય ન પડી ત્યારે પ્રથમ તો સમસ્ત સંતો-હરિભક્તો વતી અમિતભાઈ શાહ સાહેબને ખૂબ ખૂબ ધન્યવાદ અને સાહેબનો આભાર વ્યક્ત કરીશ. કારણ કે આપ સમય કાઢીને પધાર્યા. એમનું શિડ્યુલ આપ સૌ જાણો છો તેમ ઘણું બિઝી હોય છે. ૨૬ મી તારીખનો કાર્યક્રમ દિલ્હીમાં પતાવીને અમદાવાદ અમૂક કલાક માટે માત્ર આપણા આ કાર્યક્રમ માટે જ આપણી વચ્ચે ઉપસ્થિત રહ્યા છે. ઘણા સંતો અને હરિભક્તોની ભાવના છે આ પ્રસંગ પ્રત્યે, ગઈ કાલે અને આજે ઘણા સંતોએ વાત કરી કે **સમૈયો** અમારી અધ્યક્ષતામાં ઉજવાયો પણ એના ધન્યવાદ નહી સ્વીકારું. કારણ કે જ્યારે આખી ટીમ ભેગી થતી હોય છે ત્યારે, ખાસ કરીને **હરિભક્તોની અને સંતોની અમારી આ કોર (મુખ્ય) ટીમ જે છે એ નરનારાયણદેવના બળ વાળી ટીમ છે** એટલે જ આવો ઉત્સવ થાય છે.

આજના પવિત્ર પ્રસંગે મારે માત્ર બે જાહેરાત કરવી છે એક તો આખો **સમૈયો,** સભામંડપ તમે જુઓ છો એ બહાર મુકવામાં આવેલ **Solar** (સૌર) પ્લાન્ટની સૌર ઉર્જા ઉપર ચાલી રહ્યો છે. જે પ્લાન્ટ બધા હરિભક્તોએ પાંચ દિવસમાં નિહાળ્યો છે. ત્યાર પછી પર્યાવરણને બચાવવા માટે ઘણાં પ્રયત્નો થયા છે એ પૈકી એક, **અમદાવાદમાં પાંચ લાખ વૃક્ષો કાલુપુર મંદિર તરફથી વાવવામાં આવશે.** એની શરૂઆત આવતી કાલથી જ થશે. સાથે સાથે એક બહુ સરસ પ્રવૃત્તિ **૨૦૦ દિવસ સુધી દરરોજ ૨૧૨ ગરીબ ભૂખ્યા લોકોને આપણા અલગ-અલગ વિસ્તારના ૫૬ મંદિરો દ્વારા જમાડવામાં આવ્યા હતા. એ પ્રવૃત્તિ કાલુપુર મંદિર તરફથી આજીવન પર્યંત શરૂ થશે. તો આ ખાસ બે જે માનવ સેવા અને પર્યાવરણને બચાવવાનું કાર્ય છે, એ નાનકડો એવો પ્રયત્ન કાલુપુર મંદિર તરફથી આપણા સૌના માટે પ્રસ્તુત કરવામાં રજૂ કરવામાં આવ્યો.**

આટલું કહી, ફરી એકવાર ધન્યવાદ અને આશીર્વાદ પાઠવ્યા હતા.

પ.પૂ. મહારાજશ્રી : બેટા, એક મિનિટ, તુમ આગે ખડે હો જાવ, વહીં પે. બાપજી આપ, અમીતભાઈ, હર્ષભાઈ, પ્રેરકભાઈ, આપ સૌ સાથે મળી એમનું (પ.પૂ. લાલજી મહારાજશ્રીનું) સન્માન કરો. કારણ કે **આખું આયોજન એમણે કર્યું છે.** (ચારેયએ ક્રમશઃ પ.પૂ. લાલજી મહારાજશ્રીને હાર પહેરાવી, પ.પૂ. મોટા મહારાજશ્રી લાલજી મહારાજશ્રીને ભેટીને અંતરનો રાજીપો વરસાવ્યો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પણ મોટા બાપજીને તુરતજ ચરણ સ્પર્શ કર્યા હતા. આ દર્શન અદ્‌ભુત અવિસ્મરણીય હતું.) આજે ગૌરવ થાય એક બાપ તરીકે. ધન્યવાદ

સાહેબ, બિરાજો, બિરાજો. આપનું ખૂબ ખૂબ સ્વાગત છે. અમીતભાઈ, હર્ષભાઈ, પ્રેરકભાઈ વધારે કહેવા નથી માગતો પણ હમણા થયેલ ઘટનાની વાત છે. સાહેબને જ્યારે આવવાનું થયું ત્યારે પ્રોટોકોલ પ્રમાણે તમે સૌ જાણો છો. અહીં થોડું આઘું પાછું કરવાનું થાય. રાજદ્વારેથી આવ્યા છે એટલે પ્રોટોકોલ હોય છે એ પ્રમાણે આ વાત થઈ અહીં આવવાની ત્યારે અમે ફોન કર્યો. સાહેબે કીધું મળવા માટે આવીએ. પછી હું, મોટા બાપજી અને લાલજી મહારાજશ્રી મળવા માટે એમના જ ઘરે ગયા. સરળ પડે. એમને હેરાનગતિ ઓછી, અમારે હેરાનગતિ ઓછી. પણ એક વાત અંતરમાં ઉતરી ગઈ, Seriously એક તો જ્યારે પણ વાત થઈ ત્યારે મમત્વ, લાગણી અને પ્રેમ એ તો બહુ જૂનો સંબંધ છે. એમાં તો બે મત નથી.

પણ જે વસ્તુ મને અંતરથી સ્પર્શી ગઈ એ, અમે બધા કોફી પીને પછી મોટા બાપજી નીકળ્યા ત્યારે આપે જયભાઈને આદેશ કર્યો કે મોટા બાપજીને મૂકી આવો ત્યારે સીડી ઉતરતા જયભાઈએ બાપજીનો હાથ ઝાલીને ઉતાર્યા અને બોલ્યા કે **આજે મારા ભાગ્ય છે કે મોટા બાપજીનો મેં હાથ ઝાલીને સીડી ઉતાર્યા.**

બીજી વસ્તુ એ હતી સાહેબ, જો આ કોઈ અતિશયોક્તિ નથી. વખાણ કરવા નથી કહેતો, સીધે સીધું કહું છું (સભાજનોને ઉદ્દેશીને) સીડી ઉતરીને નીચે આવ્યા ત્યારે એ જ વખતે એક યાચક બ્રાહ્મણ હશે કોઈ, મને ખ્યાલ નથી, નીચે બેઠા હતા ઘરે સાહેબને ત્યાં, હર્ષભાઈ મને અંદરથી સ્પર્શી ગયું. **જયભાઈએ સીડી ઉતરીને એ વખતે કહ્યું, પપ્પાએ મને ખાસ કીધું છે કે કોઈ બ્રાહ્મણનું દિલ દુઃભાવવાનું નહી અને કોઈ વ્યક્તિનું દિલ દુઃભાવવું નહી. આજે શિક્ષાપત્રીના સંસ્કાર બહાર શોધવા હોય તો એની આપણા ઘરથી શરૂઆત કરવી પડશે.** ગર્વ છે કે આપણા ભારતના હોમ મિનિસ્ટર ગણો કે અમિતભાઈ શાહ સાહેબ ગણો કે આપણા ઘરના પરિવારના એક સભ્ય તરીકે ગણો આ ત્રણેય વ્યક્તિઓ અને હર્ષભાઈ સાથે તો ઓર જ મઝા આવે છે અને પ્રેરકભાઈ તો સરસ સેન્સ ઓફ હ્યુમર (રમૂજી સ્વભાવ) બધાના છે. અહીં આટલા મહેમાન પધાર્યા છે આટલો સરસ ટાઈમ કાઢીને પણ જ્યારે Charity Begins at Home (પરોપકારની શરૂઆત ઘરથી કરવી)**થી થાય છે. વાતાવરણ ઘેરથી શરૂ થાય છે ત્યારે શિક્ષાપત્રીનો સાચો ઉત્સવ ઉજવાય છે.** ખાસ કરીને મને અડ્યુ છે એ મારે કહેવું હતું. સ્વાગત તો લાલજી મહારાજે કર્યું છે.

એ વાતાવરણ જે આપના ઘરનું છે આ એક Example છે. ભારત માટે અને આપણી હિન્દુ સંસ્કૃતિ માટે જેથી કરીને આજે શીખવાની જરૂર છે. જ્યાં આ સંસ્કાર રહેશે ત્યાં સુરક્ષા રહેશે અને બીજી વાત સાહેબની કરવા જઈએ તો આખા ભારત દેશમા મોટા એજન્ડાથી એમના કાર્યો થઈ રહ્યા છે. આખા જગતમાં સાહેબની ખ્યાતિ થઈ રહી છે.

હર્ષભાઈ, આપનું સ્વાગત છે. આપ ડેપ્યુટી સી.એમ. (નાયબ મુખ્યમંત્રી) થયા પછી પહેલીવાર મળ્યા. આપની એપોઈન્ટમેન્ટ માગી હતી મેં, આપે મને આપી નહીં. જોક કરું છું. આ તો હસવાની વાત છે, સાહેબ તરત ફોન ઉપાડે છે. આપ સૌ પધાર્યા. અમારો પરિવાર ભેગો થયો એવું લાગે છે. સાહેબ Thanks (આભાર) ખૂબ ખૂબ ધન્યવાદ.



लोज्जन प्रसाद















સૌનો "સમૈયો" સૌની "સેવા"

- સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને એવમ્ સમગ્ર ધર્મકુળની નિશ્રામાં શિક્ષાપત્રી ૨૦૦ વર્ષનો "સમૈયો" મહામહોત્સવ તા. ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ થી તા. ૨૭ જાન્યુઆરી ૨૦૨૬ પર્યન્ત જમીયતપુરા પ્રભા હનુમાનજી પાસેના "પર્વ" ગ્રાઉન્ડ ખાતે દબદબાપૂર્વક ધામધૂમથી ઉજવાયો. દેશ-વિદેશના લાખો હરિભક્તોએ સતત પાંચ દિવસ સુધી સમૈયો આનંદ-ઉલ્લાસ-ઉમંગ સાથે માણ્યો. "સમૈયો"ની પૂર્વ તૈયારી તો છેલ્લા દોઢ વર્ષથી ચાલતી હતી. દેશ-વિદેશના હજારો હરિભક્તોએ જેમાં સેવા કરીને મહાઅલૌકિક લાભ લીધો. ખાસ તો ગ્રાઉન્ડ ઉપરની જે શ્રમયજ્ઞની સેવા અદ્વિતીય અને સરાહનીય હતી. સમગ્ર ધર્મકુળ રોજેરોજ પધારીને સંતો હરિભક્તોને માર્ગદર્શન પુરૂ પાડતા, સેવા કરનાર ભાઈ-બહેનોની સેવા પ્રત્યક્ષ નિહાળીને તેમને પ્રોત્સાહન પુરુ પાડતા હતા.

"સમૈયો"માં કોઈ નાની-મોટી સેવા કે નાનો મોટો હરિભક્ત એવું ક્યાંય જોવા મળતું ન હતું. અહીં બધા જ પોતાના ઘરનો પરિવારના પ્રસંગની જેમ રાત દિવસ સેવાનું કાર્ય કરતા હતા. પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ અને ધર્મકૂળ કેમ રાજી રહે એજ સૌના મનમાં ઉત્કંઠા હતી. આપણા કોઈપણ ઉત્સવમાં કોઈપણ હરિભક્તે પોતાના નામની ક્યારેય અપેક્ષા ઈચ્છા રાખી જ નથી ભગવાન શ્રીહરિને ચોપડે દરેકના નામ લખાઈ ગયા છે. દરેક સંતો-હરિભક્તો, સાંખ્યોગી કર્મયોગી બાઈઓ આદિ સૌએ જે સેવા કરી છે તે ક્યારેય ભૂલાશે નહી. સેવા કરનાર તમામ સંત-ભક્તોનું પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ સર્વ પ્રકારે રૂડું અને મંગળ કરે તેવી ભગવાન શ્રી નરનારાયણદેવના ચરણકમળમાં પ્રાર્થના છે.



રાજયકીય મહાનુભાવોનું સન્માન



શ્રી નરહરી અમીન



શ્રી કાંતિભાઈ અમૃતિયા - મંત્રીશ્રી



શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા



શ્રી પ્રેરકભાઈ શાહ - અમદાવાદ શહેર પ્રમુખ ભાજપ



શ્રી ભુપેન્દ્રભાઈ ચુડાસમા



શ્રી મયંકભાઈ નાયક - સંસદ સભ્યશ્રી



શ્રી જીતુભાઈ વાઘાણી



શ્રી અલ્પેશભાઈ ઠાકર



શ્રી વિનુભાઈ રાદડીયા

રાજયકીય મહાનુભાવોનું સન્માન



શ્રી નિતીનભાઈ પટેલ



શ્રી રત્નાકરજી



શ્રી મુકેશભાઈ પટેલ - ચેરમેનશ્રી અ.મ્યુ.કો.



શ્રી ધરમશીભાઈ દેસાઈ - ચેરમેનશ્રી એ.એમ.ટી.એસ.

















''તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'' સીરીયલના કલાકારો

યજમાનશ્રીઓનું સન્માન











યજમાનશ્રીઓનું સન્માન



યજમાનશ્રીઓનું સન્માન







સમૈયાના ગ્રાઉન્ડ પર ફરતા ફરતા

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણાદિક દેવોનો ૨૦૪ મો વાર્ષિક પાટોત્સવ મહોત્સવ

વિશ્વના સૌ પ્રથમ મહામંદિર અમદાવાદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ સ્વયં બાથમાં લઈ પધરાવેલા સ્વસ્વરૂપ પરમકૃપાળુ શ્રી નરનારાયણાદિક દેવોનો ૨૦૪ મો પાટોત્સવ મહામહોત્સવ ફાગણ સુદ-૩ તા. ૨૦-૨-૨૦૨૬ શુક્રવારના રોજ પ્રાતઃ ૬-૩૦ થી ૭-૦૦ શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયો.

પ્રાસંગિક સભામાં પાટોત્સવના યશસ્વી યજમાન પ.ભ. અ.નિ. સોમાભાઈ વિરચંદદાસ પટેલ, અ.નિ. મંગુબેન એસ. પટેલ સમસ્ત પરિવાર (ઈટાદરા) અમદાવાદ, પ.ભ. નાગદાન બાપા સોની સહ પરિવાર (રાજુલાવાળા), પ.ભ. વસંતીબેન બાબુભાઈ પટેલ, પ.ભ. બાબુભાઈ વાઘજીભાઈ પટેલ સહ પરિવાર (અમદાવાદ) આદિ સૌનું ધર્મકૂળના વરદ્ હસ્તે સન્માન અને યજમાન પરિવારોએ સમગ્ર ધર્મકૂળ પૂજનનો મહા લાભ લઈ આશીર્વાદ મેળવ્યા. અમદાવાદ મંદિર, મૂળી મંદિરના પૂ. મહંત સ્વામી તથા શા. સ્વા. નારાયણવલ્લભદાસજી (અયોધ્યા-વડનગર મહંતશ્રી), શા. સ્વા. ગુરુપ્રસાદદાસજી, મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજી (નારણપુરા) અને રાજુલા મંદિરના સંતશ્રી આદિ સંતોએ શ્રી નરનારાયણદેવનો મહિમા કહ્યો હતો. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પ્રસાદમ્ (રોજે રોજ ભૂખ્યાને જમાડવાનું કાયમી ધોરણે) ઉદ્ઘાટન કર્યું હતું. ત્યારબાદ અન્નકૂટની આરતી ઉતારી હતી. (કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી)

મૂળીધામ મંદિરના નવા મહંતશ્રી

મૂળીધામ શ્રી સ્વામિનારાયણ મંદિરના નવા મહંત સ્વામી સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી ગુરુ સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીને નિયુક્ત કરવામાં આવ્યા છે.



ભક્તિસુધા

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "અવગુણોથી દૂર રહો"

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

ભગવાને કરુણા કરીને આપણને આ દુર્લભ એવો મનુષ્ય દેહ આપ્યો છે, એ બહુ મોટી **'કૃપા'** કહેવાય પણ **અનિશ્ચિત પદ છે.** કાંઈ ખબર નથી કે કેટલા સમય માટે આ દેહ મળ્યો છે. સમય અવધિ આખા બ્રહ્માંડમાં કોઈનેય ખબર નથી. આપણે કોઈની કોઈ વસ્તુ વાપરાવ માટે લાવ્યા હોય તો સમય અવધિ ખબર હોય છે. વસ્તુ લીધી હોય એ કાર્ય પુરુ થઈ જાય એટલે ઉપયોગ કરીને પાછી આપી દઈએ છીએ. પરંતુ આ મનુષ્ય દેહ પાછો ક્યારે લઈ લેશે એની આપણને ખબર નથી. માટે રોજ તૈયારી રાખવી પડે. મૃત્યુની બીક નહિ રાખવાની. પણ **આ જે શરીર મળ્યું છે તેનો લાભ લઈ લેવાનો. એક એક ક્ષણનો સદ્‌પયોગ કરવાનો.** ચોવીસ કલાક આપણે ભગવાનના દર્શન કરીને બેસી રહીએ એવું તો આપણાથી શક્ય બનવાનું નથી. એટલા માટે નામ સ્મરણનો મહિમા કીધો છે કે **આપણે જેટલા કલાક જાગતા હોય એટલા કલાક અખંડ સ્મરણ ચાલું રાખવાનું. કળિયુગમાં નામ સ્મરણ વરદાન રૂપ છે. કેમ કે, માત્ર નામ સ્મરણથી પણ કલ્યાણ થાય છે.** દીકરા-દીકરીના લગ્ન થઈ જાય પછી અથવા નિવૃત્ત થઈ જઈએ પછી ભજન કરીશું એવું નહી રાખવાનું, કેમ કે ? કાલે શું થવાનું છે એની કોઈને ખબર નથી. વૃધ્ધાવસ્થામાં હાથ-પગ કામ કરે કે ના કરે ભગવાન તમારા બધાની તંદુરસ્તી સારી રાખે પણ અત્યારે જે વર્તમાન સમય છે તેમાં બધો લાભ લઈ લેવાનો. કેમ કે ? દુઃખ અચાનક આવે છે. **કોઈ એવો માણસ છે કે દુઃખની માગણી કરે ?** સુખ મળે એવા પ્રયત્નો બધા કરીએ છીએ. કોઈને એવું થાય છે કે હું આવું કામ કરું જેથી મને દુઃખ આવે ? એવું કોઈ નથી માગતું ભગવાન પાસે, પ્રારબ્ધમાં લખેલું છે માટે ભોગવવું પડે છે. સુખ ભગવાન પાસે માગો તો પણ જ્યારે એનો સમય આવશે ત્યારે જ મળશે. **દુઃખના સમયમાં જ માણસે 'બુદ્ધિ' અને 'વિવેક' વાપરવાના છે. એ જ પરીક્ષાની ઘડી હોય છે. ભગવાનની પાસે સહન કરવાની શક્તિ આપો એવું મંગાય બીજી બધી બહુ 'યાચના' નહિ કરવાની. પ્રારબ્ધમાં હોય છે એટલું જ મળે છે.** શું માગવાનું ? જેમ ભક્ત પ્રહલાદને જ્યારે નૃસિંહ અવતારમાં ભગવાને માગવાનું કીધું તો ભક્ત પ્રહલાદે કીધું કે **'મને કાંઈ માગવાની ઈચ્છા જ ના થાય એવું વરદાન આપો'.** એવું જ માગવાનું ને ગમે તેવી પરિસ્થિતિમાં ધીરજ ડગાવવાની નહીં, અવિશ્વાસ લાવવાનો નહિ, અંતઃકરણ ચોખ્ખું રાખવાનું. પોતાની અંદર રહેલા અવગુણો જાતે કાઢવા પડે. **અવગુણો બધા ખરાબ છે. જે બહુ નુકશાન પહોંચાડે છે.** એમાં મુખ્ય ત્રણ છે. સૌથી પહેલું એ કે **અસત્ય બોલવાનું સૌથી ખરાબ છે. એક ખોટું ઢાંકવા માટે કેટલું બધુ જુઠું બોલવું પડે છે. એ પ્રકારના ખોટા કાર્યો પૂરા કરવા પડે છે.** અસત્ય વચનો બોલીએ એટલે આપણી અંદર ધર્મના લીધે જે શક્તિ અને બળ છે તે બધુ ક્ષીણ થઈ જાય છે. ધર્મરાજ યુધિષ્ઠિર હતા એમને કેમ ધર્મરાજાની પદવી મળી હતી ? તેઓ ધર્મનું પાલન કરતા હતા. સત્યનિષ્ઠ હતા માટે ધર્મરાજા કહેવાયા. એમણે એટલું બધુ સત્યનું પાલન કર્યુ હતું એના લીધે એમનામાં એટલી બધી સત્યની તાકાત હતી કે કોઈના સામે ક્રોધિત થઈ જાય તો સામેની વ્યક્તિ બળીને ભસ્મ થઈ જાય, એટલા બધા શક્તિશાળી હતા. જ્યારે મહાભારતનું યુધ્ધ થયું ત્યારે પાંડવોને એવું હતું કે અમારી જીત થાય. અને સામે જે કૌરવોના પક્ષમાં દ્રોણાચાર્ય હતા તે એટલા બધા તાકાતવાન હતા કે જ્યાં સુધી જીવીત હોય ત્યાં સુધી પાંડવોની જીત થાય નહિ. દ્રોણાચાર્ય હતા એ ગુરુ હતા, એટલે શું થાય ગુરુને મરાય નહિ, શ્રીકૃષ્ણ ભગવાનને પણ એવું હતું કે 'શામ', 'દામ,' 'દંડ', 'ભેદ' બધી નીતિ અપનાવીને પણ પોતાના આશ્રિત હોય એને જ જીતાડે. દ્રોણાચાર્યને પોતાના પુત્ર અશ્વત્થામા ઉપર ખૂબ 'મોહ' હતો. શ્રીકૃષ્ણ ભગવાનને થયું કે જો એને કાંઈ થાય તો દ્રોણાચાર્યનું મૃત્યુ થાય. એટલે બધાએ ભેગા થઈને આયોજન કર્યું. અને

એમાં શ્રીકૃષ્ણ ભગવાન પણ જોડાયા. યુધ્ધમાં અશ્વત્થામા નામનો હાથી પણ હતો એટલે નક્કી કર્યું કે હાથી મરણ પામે ત્યારે બોલવાનું કે 'અશ્વત્થામા મૃત્યુને પામ્યા.' પછી યુધ્ધમાં જ્યારે અશ્વત્થામા નામનો હાથી મરાયો એટલે **ભીમે જોરથી બૂમ પાડી કે, "અશ્વત્થામા મૃત્યુ પામ્યો."** દ્રોણાચાર્યને સમાચાર મળ્યા પણ અશ્વત્થામા ચિરંજીવી હતા એટલે મૃત્યુ પામે નહિ, દ્રોણાચાર્ય મુંઝાયા. શ્રીકૃષ્ણ ભગવાનને પણ ના પૂછાય વિચાર કર્યો કે કોને પૂછવું ? પછી ધર્મરાજ યુધિષ્ઠિર સત્યનિષ્ઠ હતા એટલે યુધિષ્ઠિરને પૂછ્યું : યુધિષ્ઠિરે કીધું કે "અશ્વત્થામા હનઃ ન રોવા કુંજરો યા" **અર્થાત્ અશ્વત્થામા મરાયો પણ હાથી હતો કે નર (માણસ) હતો એ નક્કી નથી.** યુધિષ્ઠિર જવાબ આપતા હતા એ જ વખતે શ્રીકૃષ્ણ ભગવાને મોટેથી શંખનાદ કર્યો એટલે દ્રોણાચાર્યને માત્ર એટલું જ સંભળાયું કે "અશ્વત્થામા હનઃ" પછી શ્રીકૃષ્ણ ભગવાને જાણી જોઈને શંખનાદ કરી દીધો જેથી "ન રોવા કુંજરોવા" ના સંભળાય. યુધિષ્ઠિરે ૧૦૦% ચોખવટ ના કરી. જો બોલ્યા હોત કે અશ્વત્થામા નામનો હાથી મૃત્યુ પામ્યો છે, તો બરાબર બોલ્યા કહેવાય. **સત્ય બોલ્યા ત્યારે કહેવાય કે ખરેખર નિશ્ચલ અને નિષ્કટપટભાવથી બોલાયું હોય.** યુધિષ્ઠિર બોલ્યા એ કપટ કહેવાય. એમને હકીકતમાં ખબર હતી કે ખરેખર મનુષ્ય નહિ હાથી મરાયો હતો. ખરેખર યુધિષ્ઠિરે બોલવાનું હતું કે અશ્વત્થામા નામનો હાથી મરાયો છે. **યુધિષ્ઠિરે ખોટા વચનનો ઉપયોગ કર્યો એટલે એમની તાકાત તેજ બધું ક્ષીણ થઈ ગયું. ગમે તે અસત્ય બોલવાથી તેજ બધું ક્ષીણ થઈ ગયું. એના લીધે સંચિત કર્મ ભેગું થાય છે. એ સંચિતમાંથી પ્રારબ્ધ બને છે ત્યારે ભોગવવું પડે છે.** બીજું એ કે **વ્યભિચાર નહિ કરવાનુ** એ પુરુષ અને સ્ત્રી બંને માટે છે. પુરુષ માટે પરસ્ત્રી ગમન અને સ્ત્રી માટે પરપુરુષગમન જીવનમાં ના હોવું જોઈએ. આ રીતે **જે વ્યક્તિમાં ચારિત્ર્ય નથી એ બહુ મોટો દોષ છે. અને ત્રીજુ એ છે કે કોઈ પણ કારણ વગર ક્રોધિત નહિ થવાનું.** ખાલી ખાલી અપશબ્દ કોઈના વિષે બોલવાથી ક્રોધિત થવાથી સામેની વ્યક્તિનું દિલ દુભાય છે અને તેની જે હાય લાગે છે એનાથી પણ સંચિત કર્મ ભેગું થાય છે. પછી એમાંથી પ્રારબ્ધ બને છે. અને તે જાતે ભોગવવું પડે છે.

આપણે જે ભજન-ભક્તિ કરી છીએ આપણા કલ્યાણ માટે છે. એના બદલામાં કાંઈ માંગવાનુ નહિ. આપણે ભગવાનને કહીએ કે હું તમારું આટલું ભજન કરુ તમે મારુ આટલું કામ કરી દો એ વેપાર કહેવાય. ભગવાન પ્રત્યે સમર્પણ ભાવના હોવી જઈએ. એ ક્યારે આવશે તમે શુધ્ધ-પ્રેમ કરો ત્યારે આવશે. **શુધ્ધ પ્રેમ કરો એટલે સમર્પણ આપોઆપ આવી જાય છે. "ભગવાન વગર આપણું અસ્તિત્વ જ નથી."** એવા વિચાર થોડીવાર માટે આવે છે. પછી પાછા જતા રહે છે. તમારી વાત નથી, તમે બધા એવા નથી, નહિ તો તમે અહિંયા બેઠા જ ના હોત. આ તો જેમને સત્સંગ બરાબર નથી હોતો એમની વાત છે. ઘણાને એવું થાય છે ઘેર બેસીને વાંચી લઈશું સત્સંગમાં જવાની શું જરૂર છે. આપણે તો બધા પહેલાનું બીજ-બળ છે એટલે અહિંયા બેઠા છીએ. **ભગવાન વગર 'જીવ' કેવો હોય છે. માતા વગરનું બાળક હોય છે** એવો. જેમ માતા વગરનું બાળક હોય અને બીજા જે બાળકનો માતાએ ઉછેર કર્યો હોય, એ બેમાં ફેર છે. માતા હોય છે એ બધી જવાબદારી બાળકની લઈ લે છે. બાળક એકદમ નાનું હોય ત્યારે એના રડવાથી માતાને ખ્યાલ આવી જાય છે કે બાળકને શું જોઈએ છે. કેમ કે, બાળક બોલી નથી શકતું. ઈશારા પણ નથી કરી શકતું. તો પણ માતા સમજી જાય છે કે બાળકને ભૂખ લાગી છે કે બાળકને ઊંઘ આવે છે, કે શું જોઈએ છે. બધી જવાબદારી લઈને એમને પ્રેમથી મોટા કરે છે. બીજા જે માતા-પિતા વગરના બાળક હોય છે એ પણ મોટા તો થઈ જ જાય છે પણ એમની જવાબદારી લેવાવાળા કોઈ નથી હોતા. એવી જ રીતે ભગવાનને નહિ ભજવાવાળા જીવ માતા-પિતા વગરના બાળક જેવા છે. તમે બધાએ તો નરનારાયણદેવની શરણાગતિ સ્વીકારી છે એટલે બધી જવાબદારી ભગવાને લઈ લીધી છે. **બાળકની જેમ નિખાલસ બનીને રહો તો માતાની જેમ મહારાજ પણ આપણું બધુ 'ધ્યાન' રાખે છે. ક્યારે તમને શું તકલીફ છે એ તમારા આંસુ પરથી મહારાજને ખબર પડી જાય છે. પણ એ આંસુ સાચા હોવા જોઈએ.** માતાની જેમ ભગવાનને પણ ખબર પડી જાય છે કે સાચું રડે છે કે કોઈ વસ્તુ માટે ખાલી-ખાલી દુઃખી થવાનો ઢોંગ કરે છે. એટલે નિખાલસતાથી સાચા અંતઃકરણથી સમર્પિત થઈ જાવ પછી કાંઈ વિચારવાનું રહેશે નહિ.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકૂળનાં સંકલ્પથી હવેથી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ યજ્ઞની યાદી-જાન્યુઆરી-૨૦૨૬

તા. ૧૮-૦૧-૨૦૨૬ પ.ભ. બાબુલાલ ત્રિકમલાલ ઠક્કર પરિવાર - વિરમગામ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી

જાન્યુઆરી-૨૦૨૬

તા. ૦૪-૦૧-૨૦૨૬ પ.ભ.શ્રી રામભાઈ મગનદાસ પટેલ - નવા વાડજ - હા. કેનેડા
તા. ૧૬-૦૧-૨૦૨૬ પ.ભ.શ્રી હર્ષ મહેન્દ્રભાઈ શુકલ - ઓસ્ટ્રેલીયા
તા. ૨૨-૦૧-૨૦૨૬ પ.ભ.શ્રી ઘનશ્યામભાઈ ગોવિંદભાઈ કાનાણી - સીડની ઓસ્ટ્રેલીયા

ફેબ્રુઆરી-૨૦૨૬

તા. ૦૧-૦૨-૨૦૨૬ પ.ભ.શ્રી અસિતકુમાર વિષ્ણુભાઈ પટેલ - ડાંગરવાવાળા હાલ યુ.એસ.એ.
તા. ૨૧-૦૨-૨૦૨૬ પ.ભ.શ્રી જગદીશભાઈ આત્મારામ પટેલ - શિકાગો.
તા. ૨૨-૦૨-૨૦૨૬ પ.ભ.શ્રી ઉદયનભાઈ અવિનાશભાઈ મહારાજા - વિસનગર.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ ભેટની યાદી ફેબ્રુઆરી-૨૦૨૬

રૂા. ૨,૫૧,૦૦૦/- પ.ભ.શ્રી નિરજ ભાસ્કરભાઈ પટેલ - અમદાવાદ

શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા
પોતાના અંગત સંગ્રહ માટે
શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા
૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા
મ્યુઝિયમમાં મળશે.

સૂચના :
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે
પ.પૂ. મોટા મહારાજશ્રી
સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં
મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.in •
email: swaminarayanmuseum@gmail.com







''સમૈયો''માં સેવા કરનાર સ્વયં સેવકોના સત્કાર સમારંભ પ્રસંગે આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી





જેતલપુરધામ ૨૦૦ વર્ષનો ભગવાન મળ્યાનો ''અવસર'' પ્રસંગે આયોજીત વિજય સ્તંભનું પૂજન કરતા તથા કંકોત્રી લેખન કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી





પ્રતાપપુરા ગામે પારાયણ પ્રસંગે
નિજ મંદિરમાં આરતી ઉતારતા તથા
સભામાં આશીર્વાદ આપતા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી






કાલુપુર મંદિરમાં દર પૂનમે નિયમિત યોજાતી સત્સંગ સભામાં ધર્મકુળ દર્શન



શ્રી સ્વામિનારાયણ મંદિર, ભારાસર કચ્છ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા તથા સભામાં બાળકો સાથે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





શ્રી સ્વામિનારાયણ મંદિર અરોડા (ઈડર પ્રદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા કરતા તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



વાલી (રાજ.) શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ મુંબઈ સભામાં શાકોત્સવ કરતા તથા આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા અને શ્રી સ્વામિનારાયણ મંદિર ઓકલેન્ડ (આઈ.એસ.એસ.ઓ.) મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



છપૈયાધામના નવા રેલ્વે સ્ટેશનનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી







શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (વાંટો) શતામૃત પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા શાકોત્સવ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

આગામી ઉત્સવો

ચૈત્ર સુદ-૯ શુક્રવાર તા. ૨૭-૩-૨૦૨૬ **રામનવમી-શ્રીહરિ પ્રાકટ્યોત્સવ અમદાવાદ મંદિર અક્ષરભુવન બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ,** બપોરે **૧૨ શ્રીરામ જન્મોત્સવ આરતી** રાત્રે **૧૦-૧૦ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ આરતી અમદાવાદ કાલુપુર મંદિરમાં અખંડ ધૂન** ● ચૈત્ર સુદ-૧૧ રવિવાર તા. ૨૯-૩-૨૦૨૬ કામદા એકાદશી ઉપવાસ, **શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ સ્થાપના દિન** ● ચૈત્ર સુદ-૧૫ તા. ૨-૪-૨૦૨૬ ગુરુવાર મુકુટોત્સવ પૂનમ, શ્રી હનુમાન જયંતી. ● ચૈત્ર વદ-૨ તા. ૪-૪-૨૦૨૬ શનિવાર **માંડવી (કચ્છ) શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ** ● ચૈત્ર વદ-૩ તા. ૫-૪-૨૦૨૬ રવિવાર **પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ (સં. ૨૦૦૦)** ● ચૈત્ર વદ-૭ તા. ૯-૪-૨૦૨૬ ગુરુવાર **ભુજ મંદિર શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ** ● ચૈત્ર વદ-૧૧ તા. ૧૩-૪-૨૦૨૬ સોમવાર **વરૂથિની એકાદશી ઉપવાસ** ● ચૈત્ર વદ-૩૦ તા. ૧૪-૪-૨૦૨૬ શુક્રવાર **દર્શ અમાવાસ્યા** ● વૈશાખ સુદ-૨ તા. ૧૯-૪-૨૦૨૬ રવિવાર **અખાત્રીજ, અક્ષય તૃતિયા - શ્રી પરશુરામ જયંતી, ઉનાવા મંદિરનો પાટોત્સવ, ઠાકોરજીને ચંદનના વાઘા ધરાવવા.**

શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશનની માલિકી અંગેની માહિતી.

From-IV (see Rule : 8)

૧.	**પ્રકાશન સ્થળ**	:	શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧
૨.	**પ્રકાશન સમય**	:	માસિક દર મહિને
૩.	**મુદ્રકનું નામ**	:	મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી
	રાષ્ટ્રીયતા	:	હિન્દી
	સરનામું	:	શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧.
૪.	**તંત્રીનું નામ**	:	મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી
	રાષ્ટ્રીયતા	:	હિન્દી
	સરનામું	:	શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧.
૫.	**માલિક (સંસ્થાપક)**	:	**શ્રી નરનારાયણ દેવની ગાદીના અધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**
	રાષ્ટ્રીયતા	:	હિન્દી
	સરનામું	:	શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧.

હું શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

સહી : શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી, મહંત સ્વામી
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧
(પ્રકાશકની સહી)

SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR

As per new instructions from Government of India, all Abroad Donations will be routed through State Bank of India, Main Branch, New Delhi Only.

At the time of doing any Foreign Remittance (Please send us your full details, Like - Donor Name, Address, Mobile No. for further submission to SBI in FEMA Declaration, As per their Instruction)

Information for foregin donation towards Shree Narnarayan Mandir Trust for all Satsangi, who are belongs to abroad (out side India) remit their donation to Shree Narnarayan Mandir Trust, Kalupur, Ahmedabad. Only in Our FCRA A/c. Details as under.

BANK NAME	:	**STATE BANK OF INDIA**
BRANCH	:	**FCRA CELL, MAIN BRANCH, SANSAD MARG, NEW DELHI-110001**
BENEFICIARY NAME	:	**SHREE NARNARAYAN MANDIR TRUST**
SAVING BANK A/C. NO.	:	**401 890 15898**
IFS CODE	:	**SBIN0000691**
SWIFT CODE	:	**SBININBB104**
BENEFICIARY ADDREES	:	**SHREE SWAMINARAYAN TEMPLE, KALUPUR, AHMEDABAD, GUJARAT, INDIA**

Special instruction for remittance made through NRE Cheque in Indian Rs.-

If any donation route from abroad to NRE A/c in India (of Donor), please donate with your cheque along with copy of passport of related donor, Only afterwards their donation will be credited in above mentioned A/c only.

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree SwaminarayanTemple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
Editor : Shastri Swami Purushottamprakashdasji



પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ
પ.પૂ. લાલજી મહારાજશ્રીની
''સમૈયો''ના અધ્યક્ષ તરીકેની
કામગીરીને બિરદાવી ત્યારે હર્ષના
આંસુ સાથે પ.પૂ. મોટા મહારાજશ્રી
તેમને ભેટ્યા હતા અને
માનનીય શ્રી અમિતભાઈ શાહ તથા
માનનીય શ્રી હર્ષ સંઘવીએ પણ
શુભેચ્છાનો હાર પહેરાવ્યો હતો.

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd. Unaccountable L1 i/o. on 11 the every month
under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to
Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026







Praful Kharsani

ભારતના ગૃહમંત્રી તથા સહકાર મંત્રી માનનીય શ્રી અમિતભાઈ શાહનું ‘‘સમૈયો’’ મહોત્સવમાં સ્વાગત સન્માન